“ રવિવારની સાપ્તાહિક પૂર્તિ ”

રસધાર

શુભ નવરાત્રિ

સંજોગ ન્યૂઝ

SANJOG NEWS DAILY GUJARATI - AMRELI, RNI NO. GUJGUJ/2017/75270, Postal Reg.No.AMR/207/Validup to 2024-26

Year -10 । Issue- 11 । AD - 2026, Aso Sud - 01 । Sunday, Dt. 11-10-2026 । Editor : Vasant Movliya : Phone : (02792) 225225 । E-mail : sanjognews@gmail.com । Page-08 Price : Rs.3-00

મમતા બેનર્જી, અરવિંદ કેજરીવાલ સહિત અનેક નેતાઓ પોલીસ કસ્ટડીમાં; જંતર-મંતર તરફ જતા માર્ગો પર કડક બંદોબસ્ત

મુખ્ય ચૂંટણી કમિશનરના રાજીનામાની માંગ સાથે દિલ્હીમાં વિરોધ પ્રદર્શન

નવી દિલ્હી, તા.૧૦

મુખ્ય ચૂંટણી કમિશનર જ્ઞાનેશ કુમારના રાજીનામા અને મતદાર યાદીની વિશેષ સઘન સુધારણા પ્રક્રિયા (એસઆઈઆર) પાછી ખેંચવાની માંગ સાથે દિલ્હીમાં વિરોધ પ્રદર્શન ઉગ્ર બન્યું છે. કોકરોચ જનતા પાર્ટી (સીજેપી)ના નેતા અભિજીત દીપક સહિત ૧,૫૦૦થી વધુ પ્રદર્શનકારીઓની અટકાયત કરવામાં આવી હોવાના અહેવાલ છે. પશ્ચિમ બંગાળનાં પૂર્વ મુખ્યમંત્રી મમતા બેનર્જી અને આમ આદમી પાર્ટીના રાષ્ટ્રીય સંયોજક અરવિંદ કેજરીવાલ સહિત અનેક નેતાઓને પણ પોલીસે કસ્ટડીમાં લીધા હતા. પોલીસે કનોટ પ્લેસના આઉટર સર્કલ વિસ્તારમાં એકત્ર થયેલા આશરે ૨૦૦ સીજેપી સમર્થકોને અટકાવ્યા હતા. તેઓ જંતર-મંતર તરફ જવાનો પ્રયાસ કરી રહ્યા હતા. સીજેપી નેતાઓ અભિજીત દીપક, સૌરવ દાસ અને આશુતોષ રંકાની પણ દિલ્હી એરપોર્ટ પર વિમાનમાંથી ઉતર્યા બાદ અટકાયત કરવામાં આવી હતી.





દરમિયાન, મહારાષ્ટ્રના છત્રપતિ સંભાજીનગરમાં અભિજીત દીપકના નિવાસસ્થાને સુરક્ષા વધારવામાં આવી હતી. દિલ્હીમાં સ્ટુડન્ટ્સ ફેડરેશન ઓફ ઈન્ડિયા અને ડાબેરી પક્ષોના કાર્યકરોએ પણ આઈએનએ વિસ્તારમાં વિરોધ પ્રદર્શન કર્યું હતું. આપના નેતાઓ સૌરભ ભારદ્વાજ, દુર્ગેશ પાઠક, સંજય સિંહ અને ગોપાલ રાયની પણ અટકાયત કરવામાં આવી હતી. કેજરીવાલે આ કાર્યવાહી સામે વાંધો ઉઠાવી લોકશાહીના રક્ષણ માટે લોકોને વિરોધમાં જોડાવાની અપીલ કરી હતી. પશ્ચિમ બંગાળનાં પૂર્વ મુખ્યમંત્રી મમતા બેનર્જી, તૃણમૂલ કોંગ્રેસના સાંસદો ડેરેક ઓ'બ્રાયન, પ્રતિમા મંડલ અને ડોલા સેનની પણ અટકાયત કરવામાં આવી હતી. તૃણમૂલ કોંગ્રેસે સોશિયલ મીડિયા પર મમતા બેનર્જીની અટકાયતનો વીડિયો શેર કરીને શાંતિપૂર્ણ વિરોધ પ્રદર્શન સામે પોલીસ કાર્યવાહીના ઔચિત્ય અંગે સવાલો ઉઠાવ્યા હતા. વિરોધ પ્રદર્શનને ધ્યાનમાં રાખીને જંતર-મંતર તરફ જતા માર્ગો પર બેરિકેડિંગ કરવામાં આવ્યું હતું અને સુરક્ષા વ્યવસ્થા સઘન બનાવવામાં આવી હતી. પોલીસ તથા અર્ધલશ્કરી દળોની તૈનાતી, સીસીટીવી અને ડ્રોન દ્વારા દેખરેખ સહિતનાં પગલાં લેવામાં આવ્યાં હતાં. આકાશવાણી ભવન નજીક પોલીસકર્મીઓ પર પથ્થરમારો થયાની પણ ઘટના સામે આવી હતી, જેમાં બે પોલીસકર્મીઓ ઘાયલ થયા હોવાની માહિતી મળી હતી. વિરોધ કરી રહેલા નેતાઓએ પોલીસ કાર્યવાહીની ટીકા કરતાં તેને લોકશાહી અધિકારો સાથે જોડાયેલો મુદ્દો ગણાવ્યો હતો. જોકે, સમગ્ર ઘટનાક્રમ અંગે પોલીસનું સત્તાવાર નિવેદન અને અટકાયત કરાયેલા તમામ લોકોની વિગતોની સ્વતંત્ર પુષ્ટિ જરૂરી છે.

॥ वक्रतुंड महाकाय सूर्यकोटि समप्रभ निर्विघ्नं कुरुमेदेव सर्वकार्येसुसर्वदा ॥

Grand Opening

સહર્ષ ખુશાલી સાથે જણાવવાનું કે, અમારા કુળદેવીની અસીમ કૃપાથી તથા વડીલોના આશીર્વાદથી

અમારૂ નવું સોપાન

Step Up
DIAGNOSTIC LABORATORY

નો મંગલ પ્રારંભ વિક્રમ સંવત ૨૦૮૨, આસો સુદ ૧ (એકમ) ને રવિવાર
તા. ૧૧/૧૦/૨૦૨૬ ના રોજ સવારે ૦૯:૦૦ કલાકથી આપના આગમન સુધી રાખેલ છે.
તો, આપશ્રીને પધારવા અમો ભાવભર્યુ નિમંત્રણ પાઠવીએ છીએ.

॥ મુખ્ય મહેમાન ॥

શ્રી કૌશિકભાઈ વેકરીયા
(રાજ્ય કક્ષા મંત્રી, કાયદો અને ન્યાય તંત્ર, ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ વૈધાનિક અને સંસદીય બાબતો)
શ્રી વસંતભાઈ મોવલીયા
(ટ્રસ્ટી શ્રી ખોડલધામ ટ્રસ્ટ - કાગવડ, સંજોગ ન્યુઝ - અમરેલી)

ઉપલબ્ધ સુવિધાઓ : (પેથોલોજી)

- ૨૪×૭ સર્વિસ.
- અનુભવી પેથોલોજીસ્ટ અને ટેકનિશ્યન સ્ટાફ.
- ડોર ટુ ડોર કલેકશનની સુવિધા.
- અતિ આધુનિક મશીનો દ્વારા સચોટ નિદાન.
- ડોકટર સાહેબ દ્વારા લખી આપેલ તમામ રિપોર્ટ કરી આપીશું.
- રાહત દરે રિપોર્ટ કરી આપતી એકમાત્ર લેબોરેટરી.
- કુલ બોડી તેમજ મેડીકલેમ વાળા દર્દીઓ માટે ખાસ પેકેજ સુવિધા.
- સચોટ રિપોર્ટ અને ઈ-ડીઝીટલ રિપોર્ટ.
- ડાયાબીટિસ, કોલેસ્ટ્રોલ કે કાર્ડિયાક (હૃદય રોગ) ધરાવતા દર્દીઓ માટે ખાસ પેકેજ.
- હેલ્થ ચેકઅપ માટે રાહત દરના પેકેજ.
- એક ફોન કોલથી હોમ કલેકશન કરી આપતી એકમાત્ર લેબોરેટરી.



॥ નિમંત્રક ॥
શ્રી નિલેષભાઈ દેસાઈ (સંજોગ ન્યુઝ - અમરેલી)
શ્રી બહાદુરસિંહ રાઠોડ (એડમીન)
શ્રી જયપાલસિંહ ખેર

॥ શુભેચ્છક ॥
શ્રી સુરેશભાઈ દેસાઈ
(સંજોગ ન્યુઝ - અમરેલી)

Step Up
DIAGNOSTIC LABORATORY
એંજલ સિનેમા સામે, કિસાન મોલની ઉપર,
માણેકપરા, અમરેલી-૩૬૫૬૦૧

૧૨ ઓક્ટોબરથી આરબીઆઈ નીસરકારી તેલ કંપનીઓને ખાસ ડોલર સહાય આપશે

મુંબઈ, તા.૧૩

ભારતીય રિઝર્વ બેંક (આરબીઆઈ)એ સરકારી ક્ષેત્રની ત્રણ અગ્રણી તેલ કંપનીઓની દૈનિક ડોલરની જરૂરિયાત પૂરી કરવા માટે ખાસ વિદેશી વિનિમય વ્યવસ્થા શરૂ કરવાનો નિર્ણય લીધો છે. આ સુવિધા ૧૨ ઓક્ટોબર, ૨૦૨૬થી અમલમાં આવશે અને આગામી સૂચના સુધી ચાલુ રહેશે.આ નવી વ્યવસ્થાનો લાભ ઈન્ડિયન ઓઈલ કોર્પોરેશન, ભારત પેટ્રોલિયમ કોર્પોરેશન અને હિન્દુસ્તાન પેટ્રોલિયમ કોર્પોરેશનને મળશે. આંતરરાષ્ટ્રીય બજારમાંથી ક્રૂડ ઓઈલ ખરીદવા માટે આ કંપનીઓને મોટી માત્રામાં અમેરિકી ડોલરની જરૂર પડે છે. હવે તેમની દૈનિક વિદેશી હૂંડિયામણની જરૂરિયાત નિયુક્ત અધિકૃત ડીલર બેંકો મારફતે પૂરી કરવામાં આવશે. આરબીઆઈના જણાવ્યા અનુસાર, ત્રણેય કંપનીઓને તેમની જરૂરિયાત મુજબ ડોલર પૂરા પાડવા માટે વિશેષ વ્યવસ્થા કરવામાં આવી છે. આથી કંપનીઓને દૈનિક ડોલરની ખરીદી માટે માત્ર ખુલ્લા બજાર પર આધાર રાખવો પડશે નહીં.



આ વ્યવસ્થા દ્વારા તેમની વિદેશી હૂંડિયામણની જરૂરિયાતો માટે અલગ વ્યવસ્થિત માધ્યમ ઉપલબ્ધ થશે. જોકે, આરબીઆઈએ આ નિર્ણયથી રૂપિયાના વિનિમય દર, ડોલરના બજારમૂલ્ય અથવા પેટ્રોલ-ડીઝલના છૂટક ભાવ પર કેવી અસર પડશે તે અંગે સ્પષ્ટતા કરી નથી. તેથી આ પગલાને ઈંધણના ભાવમાં ઘટાડા અથવા રૂપિયાની મજબૂતી સાથે સીધું જોડવું યોગ્ય નથી. આગામી સમયમાં આ વ્યવસ્થાના અમલીકરણ અને આરબીઆઈની સૂચનાઓ પર બજારની નજર રહેશે.

ઉત્તર ભારતનાં રાજ્યોમાં હવામાનનો પલટો, અનેક વિસ્તારોમાં વરસાદ અને કરા

નવી દિલ્હી,તા.૧૦

ઉત્તર ભારતમાં હવામાનમાં પલટો આવતાં અનેક રાજ્યોમાં વરસાદ, કરા અને વાવાઝોડાની સ્થિતિ સર્જાઈ છે. ઉત્તર પ્રદેશના મેરઠ અને બરેલી સહિત ૮ શહેરોમાં ભારે વરસાદ સાથે કરા પડ્યા છે. લખનઉમાં ગોમતી નદીનું જળસ્તર સતત ૧૧મા દિવસે વધ્યું. ફૈઝુલ્લાગંજમાં ૪૦ હજારથી વધુ ઘરો ડૂબી ગયા છે અને ૩ લાખથી વધુ લોકો પ્રભાવિત થયા છે. બિહારમાં ૧૮ જિલ્લાઓમાં વરસાદ, વાવાઝોડું અને વીજળી પડવાની શક્યતાને પગલે યલો એલર્ટ જાહેર કરાયું છે. ઉત્તરાખંડના ૯ જિલ્લાઓમાં કરા પડ્યા છે, જ્યારે ચમોલી અને પિથોરાગઢમાં હિમવર્ષા થઈ રહી છે. રાજસ્થાનમાં ૧૦ અને ૧૧ ઓક્ટોબરે ત્રણ જિલ્લાઓમાં વરસાદની આગાહી છે.









રાજ્યમંત્રી કૌશિક વેકરીયા, ખોડલધામના ટ્રસ્ટી વસંતભાઈ મોવલીયાની ઉપસ્થિતિમાં

અમરેલીમાં સ્ટેપ અપ ડાયગ્નોસ્ટીક લેબોરેટરીનું આજે ભવ્ય ઉદ્ઘાટન

અમરેલી,તા.૧૦

અમરેલી શહેરના માણેકપરા વિસ્તારમાં એંજલ સિનેમા સામે, કિસાન મોલની ઉપર આવેલ સ્ટેપ અપ ડાયગ્નોસ્ટીક લેબોરેટરીનો ભવ્ય શુભારંભ આજ રોજ સવારે ૯:૦૦ કલાકે યોજાશે. વિક્રમ સંવત ૨૦૮૨, આસો સુદ ૧ ના શુભ દિવસે થનાર આ મંગલ પ્રારંભમાં મુખ્ય મહેમાન તરીકે રાજ્ય કક્ષાના મંત્રી કૌશિકભાઈ વેકરીયા તથા ખોડલધામ ટ્રસ્ટ કાગવડના ટ્રસ્ટી અને સંજોગ ન્યુઝ અમરેલીના વસંતભાઈ મોવલીયા ઉપસ્થિત રહેશે. નિલેષભાઈ દેસાઈ, બહાદુરસિંહ રાઠોડ અને જયપાલસિંહ ખેર દ્વારા આ ઉદ્ઘાટન પ્રસંગે તમામ શહેરીજનોને આમંત્રણ પાઠવ્યું છે.

નિલેષભાઈ દેસાઈ, બહાદુરસિંહ રાઠોડ અને જયપાલસિંહ ખેરના જણાવ્યા મુજબ, અહીં અનુભવી પેથોલોજીસ્ટ અને ટેકનીશયન સ્ટાફ દ્વારા અતિ આધુનિક મશીનો વડે સચોટ નિદાન કરી આપવામાં આવશે. ડોક્ટર દ્વારા લખી આપેલ તમામ રિપોર્ટ કરી અપાશે અને સચોટ રિપોર્ટ ઈ-ડીજીટલ સ્વરૂપે પણ મળશે. દર્દીઓ માટે ફુલ બોડી ચેકઅપ, મે ડી ક લે મ ધરાવતા દર્દીઓ તથા ડાયાબીટીસ, કોલેસ્ટ્રોલ અને હૃદય રોગના દર્દીઓ માટે ખાસ પેકેજ રાખવામાં આવ્યા છે. એક ફોન કોલથી ડોર ટુ ડોર કલેક્શનની સુવિધા પણ ઉપલબ્ધ છે.

ડો. પ્રશાંત રાબડીયા અને ડો. નયના ભાલોડીયા (પેથોલોજીસ્ટ) દ્વારા આધુનિક ઢબે રીપોર્ટીંગ કરવામાં આવશે. દર્દીઓ માટે એકજ સ્થળ પર તમામ પ્રકારની લેબોરેટરીની સેવાઓ ઉપલબ્ધ થવાથી દર્દીઓને વધુ તપાસ માટે બહારગામના ધક્કા ખાવા પડશે નહીં. વધુ માહિતી માટે ૯૮૨૪૯ ૮૨૮૦૦ પર સંપર્ક કરવા અનુરોધ કરાયો છે.

૨૪×૭ સેવા, રાહત દરે રિપોર્ટ અને ઘરે બેઠા સેમ્પલ કલેક્શનની સુવિધા સાથે માણેકપરામાં નવું સોપાન

દાધિયા પ્રા.શાળાના બાળકોએ વિજ્ઞાન મેળામાં સફળતા મેળવી

અમરેલી,તા.૧૦



વિજપડી અને ખડસલી સી.આર.સી.ના સંયુક્ત ઉપક્રમે તા. ૯ ઓક્ટોબર, ૨૦૨૬ના રોજ હાડીડા પ્રાથમિક શાળા ખાતે સી.આર.સી. કક્ષાનો વિજ્ઞાન મેળો યોજાયો હતો. જેમાં પાંચ વિભાગોમાં વિવિધ શાળાનાં બાળકોએ ભાગ લીધો હતો. દાધિયા પ્રાથમિક શાળાનાં બાળકોએ શિક્ષકોના માર્ગદર્શન હેઠળ તૈયાર કરેલી કૃતિઓમાં બે વિભાગમાં પ્રથમ અને એક વિભાગમાં તૃતીય ક્રમ મેળવ્યો હતો. આ સફળતા બદલ આચાર્ય મહેશભાઈ શેલાર અને એસએમસી અધ્યક્ષ કનુભાઈ ખુમાણે શિક્ષકો તથા બાળકોને અભિનંદન પાઠવી તાલુકા કક્ષાએ સફળતા માટે શુભેચ્છાઓ આપી હતી.

અમરેલીના રોકડિયા હનુમાનપરા પ્રા.શાળામાં

વિપશ્યના ધ્યાનનું પ્રથમ સોપાન 'આનાપાન' યોજાયું, ૩૫૦ વિદ્યાર્થીઓએ ભાગ લીધો

અમરેલી,તા.૧૦



અમરેલીના રોકડિયા હનુમાનપરા પ્રાથમિક શાળા ખાતે વિપશ્યના ધ્યાનના પ્રથમ સોપાન 'આનાપાન'નું સુંદર આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં બાલવાટિકાથી ધોરણ-૮ સુધીના તેમજ સરકારી માધ્યમિક શાળાના ધોરણ-૯ના ૩૫૦ જેટલા વિદ્યાર્થીઓએ રસપૂર્વક અને ગંભીરતાથી ધ્યાનની પ્રક્રિયામાં ભાગ લીધો હતો. દ્વારકાધીશભાઈ લલડિયા અને રુદ્રેશભાઈ પંડ્યાએ વિદ્યાર્થીઓને આનાપાન ધ્યાન કરાવ્યું હતું અને તેની ઉપયોગીતા અંગે સમજ આપી હતી. શાળા પરિવાર પણ આ પ્રવૃત્તિમાં જોડાયો હતો. બીજા સેશનમાં જાણીતા બાળ નિષ્ણાત નીતિનભાઈ ત્રિવેદી પણ જોડાયા હતા. આ અંગે શાળાના આચાર્ય દિનેશભાઈ વ્યાસે અખબારી યાદીમાં માહિતી આપી હતી.

અમરેલીના ઠેબી ડેમમાં કેટા કાર ખાબકી, કોઈ વ્યક્તિ મળી નહી

અમરેલી, તા.૧૦



અમરેલીમાં ગત તા. ૯-૧૦-૨૦૨૬ના રાત્રિના ૧૧:૧૨ કલાકે ૧૧૨ ઈમરજન્સી નંબર દ્વારા અમરેલી ફાયર કંટ્રોલરૂમને ઠેબી ડેમમાં કેટા કાર ડૂબી હોવાની જાણ કરાઈ હતી. કારમાં કોઈ વ્યક્તિ છે કે નહીં તેની માહિતી ન હોવાથી ફાયર ટીમ તાત્કાલિક સ્થળે પહોંચી હતી. ટીમે અંદાજે અડધો કલાક સુધી કારની અંદર અને આસપાસના વિસ્તારમાં શોધખોળ કરી હતી, પરંતુ કોઈ વ્યક્તિ મળી આવી નહોતી. તાલુકા પોલીસ અને કારમાલિક પણ સ્થળે પહોંચ્યા હતા. કારનો નંબર GJ ૦૧ KY ૪૨૬૭ છે.

ખાદી મિત્ર મંડળ દ્વારા નવરાત્રી મહોત્સવે લહાણી વિતરણ અને કન્યા ભોજનનું આયોજન

આજે બાબરા અને અમરાપરાની પ્રાચીન ગરબી મંડળની બાળાઓને લહાણી અપાશે

બાબરા,તા.૧૦

ખાદી મિત્ર મંડળ દ્વારા નવરાત્રી મહોત્સવ નિમિત્તે ૧૧ ઓક્ટોબર, રવિવારે લહાણી વિતરણ અને કન્યા ભોજનનું આયોજન કરાયું છે. નંદલાલભાઈ વી. પોપટ અને લતાબેન એન. પોપટની પ્રેરણાથી છેલ્લા પાંચ વર્ષથી આ કાર્યક્રમ યોજાય છે. બાબરા અને અમરાપરાની પ્રાચીન ગરબી મંડળની બાળાઓને લહાણી અપાશે. તાપડિયા આશ્રમના મહંત ઘનશ્યામદાસબાપુના હસ્તે દીપ પ્રાગટ્ય અને આશીર્વચન થશે. કાર્યક્રમ સવારે ૧૦થી બપોરે ૨:૩૦ વાગ્યા સુધી ઊમિયા નગરમાં વિવેકાનંદ સ્કૂલ પાસે યોજાશે. મેલડીમાં યુવક મંડળ સહયોગ આપશે.

અમરેલીમાં ખનિજ ચોરી સામે તંત્રની લાલ આંખ, ચાર ડમ્પર જપ્ત

અમરેલી,તા.૧૦



અમરેલી તાલુકામાં ગેરકાયદેસર ખનિજ ચોરી અટકાવવા નાયબ કલેક્ટર અમરેલીના માર્ગદર્શન હેઠળ મામલતદાર કચેરીના કર્મચારીઓએ આજરોજ આકસ્મિક તપાસણી હાથ ધરી હતી. જેમાં બિનઅધિકૃત તથા ઓવરલોડ ખનિજ વહન કરતા કુલ ચાર ડમ્પર ઝડપાયા હતા.

દેવળીયા પાસે અમરેલી-સાવરકુંડલા રોડ પરથી રેતી ભરેલા GJ 04 AX 4875 હાઈવા ડમ્પર (કિંમત રૂ.૬૫,૨૮,૦૦૦) અને GJ 03 AT 4704 ડમ્પર (કિંમત રૂ.૧૧,૨૫,૦૦૦) જપ્ત કરાયા હતા. જ્યારે ઈશ્વરીયા પાસે અમરેલી-લાઠી રોડ પરથી બ્લેક ટ્રેપ ભરેલા GJ 14 AT 7966 ડમ્પર (રૂ.૧૨ લાખ) અને GJ 01 DZ 3047 ડમ્પર (રૂ.૨૩ લાખ) ઝડપાયા હતા. કુલ રૂ.૧.૧૧ કરોડનો મુદ્દામાલ અમરેલી ગ્રામ્ય પોલીસ સ્ટેશનને સોંપાયો છે. અમરેલી મામલતદારની ટીમ દ્વારા તાલુકામાં ચાલતા ખનીજચોરો સામે કડક કાર્યવાહી હાથ ધરતા ખનીજ ચોરી કરતા ઈસમોમાં ફફડાટ ફેલાયો છે.

રેતી અને બ્લેક ટ્રેપનું ગેરકાયદેસર વહન કરતા વાહનો ઝડપાયા, ૩.૧.૧૧ કરોડથી વધુનો મુદ્દામાલ કબજે

અમરેલીના જાળીયા ગામે ગાડી ચલાવવા બાબતે ગાળો આપી ઢીકાપાટુ માર્યા

નવરાત્રી મંડપને પ્લાસ્ટિકના પતાકડા બાંધી શણગારતી વખતે બની ઘટના

અમરેલી, તા. ૧૦

અમરેલીના જાળીયા ગામે નવરાત્રી મંડપને પ્લાસ્ટિકના પતાકડા બાંધી શણગારતી વખતે વાહન ધીમે ચલાવવાનું કહેતાં ચાર શખસોએ એક યુવકને ગાળો આપી ઢીકાપાટુનો માર માર્યો હતો. તેમજ પથ્થરમારો કરી જાનથી મારી નાખવાની ધમકી આપી હતી.

આ બનાવ અંગે લાલજીભાઈ ધીરૂભાઈ રાદડીયા (ઉ.વ. ૪૫)એ પ્રકાશ અમરા ભરવાડ, અમરા લખા ભરવાડ, ભરત સામત ભરવાડ અને કરણ સુરેશ ભરવાડ સામે ફરિયાદ નોંધાવી હતી. ફરિયાદ મુજબ, જાળીયા ગામના ભગવતી ચોકમાં નવરાત્રી મંડપ શણગારતી વખતે પ્રકાશ ભરવાડ માલવાહક વાહન પૂરઝડપે હંકારતો હતો. પતાકડા અને સીરીઝને નુકસાન ન થાય તે માટે વાહન ધીમું ચલાવવાનું કહેતાં ચારેય આરોપીઓ ત્યાં આવી ફરિયાદીને માર માર્યો હતો. અમરા લખા ભરવાડે કપાળમાં પથ્થર મારતાં છ ટાંકા આવ્યા હતા. બનાવ અંગે તાલુકા પોલીસે તપાસ હાથ ધરી છે.

ખાંભા ખાતે BLO અને સુપરવાઈઝરોની સમીક્ષા બેઠક યોજાઈ

અમરેલી,તા.૧૦



ખાંભા ખાતે મતદાર નોંધણી અધિકારીના અધ્યક્ષસ્થાને તાલુકાના તમામ BLO (બૂથ લેવલ ઓફિસર) અને સુપરવાઈઝરોની સમીક્ષા બેઠક યોજાઈ હતી. બેઠક દરમિયાન ઉપસ્થિત કર્મચારીઓને કટોકટીના સમયે ઉપયોગી CPRની તાલીમ આપવામાં આવી હતી. આ ઉપરાંત મતદારયાદી સુધારણા કાર્યક્રમ અંતર્ગત ASD (ગેરહાજર, સ્થળાંતરિત અને મૃત) મતદારોની યાદી અંગે જરૂરી માહિતી અને માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. ૧૮થી ૧૯ વર્ષના યુવા મતદારોની નોંધણી તેમજ ભાવિ મતદારોની ઓળખ માટે સ્થાનિક શાળાઓ અને કોલેજોના જનરલ રજિસ્ટર (GR)ના આધારે સઘન ઝુંબેશ ચલાવવાનું આયોજન કરવામાં આવ્યું છે. તાલુકામાં ૧૦૦ ટકા મતદાર નોંધણી થાય અને એકપણ પાત્ર નાગરિક મતદારયાદીમાં નામ નોંધાવવાથી વંચિત ન રહે તે માટે તમામ BLO અને સુપરવાઈઝરોને જરૂરી સૂચનાઓ આપવામાં આવી હતી.

Jitendra Sanghani
Cell : 98254 22922

MARUTI SUZUKI

મારૂતિ સુઝુકી સર્વિસ સ્ટેશનનું એકમાત્ર સ્થળ તથા
સંપૂર્ણ આધુનિક સુવિધા સાથેનો વિશ્વાસપાત્ર અને અનુભવી સ્ટાફ

કારકેર સેન્ટર

(Maruti Authorised Workshop)





વ્હીલ એલાઇમેન્ટ,વ્હીલ બેલેન્સીંગ, મીકેનીક કામ,
રીપેરીંગ, વોશિંગ તેમજ સર્વિસ કરી આપનાર

ચકકરગઢ રોડ, અમરેલી-૩૬૫ ૬૦૧
ફોનઃ ૦૨૭૯૨ ૨૨૦૦૯૯, E-mail: carcarerushi@rediffmail.com



|| શ્રી ગણેશાય નમઃ || || શ્રી ૧ || || શ્રી બાલમુકુંદજી પ્રભુ વિજયતે ||

અમરેલીના આંગણે વિશ્વાસ અને સુંદરતાનું નવું સરનામું...



યમુના જવેલર્સ

(અમરાપુર વાળા)

અમે અત્યંત આનંદ સાથે જણાવીએ છીએ કે,
આપના અતૂટ વિશ્વાસ અને સાથ-સહકારને કારણે
યમુના જવેલર્સ હવે એક ભવ્ય અને
નવા સોપાન સાથે આપની સેવામાં સજ્જ છે.

- શુદ્ધતાની ખાતરી : 100% હોલમાર્કવાળા દાગીના
- નવીનતમ ડિઝાઈન : એન્ટિક, રાજવાડી અને મોર્ડન જવેલરીનો વિશાળ ખજાનો
- પારદર્શક વ્યવહાર : વ્યાજબી મજૂરી અને વિશ્વાસપાત્ર સર્વિસ

અમારા નવા આધુનિક શો-રૂમની મુલાકાત લો અને આપની સુંદરતામાં ચાર ચાંદ લગાવો.

સ્થળ : દુ.નં. - 3, પટેલ વાડી
શોપિંગ સેન્ટર, હીરામોતી ચોક,
લીલીયા રોડ, અમરેલી.

હીરેનભાઈ ચંદુભાઈ સોની
મો. ૯૪૨૯૨ ૨૦૮૪૭/૯૧૪૧૨ ૦૭૭૩૯

આજથી નવરાત્રીનો પ્રારંભ : મા આદ્યશક્તિની ભક્તિ અને આરાધના કરવા

અમરેલીની બજારોમાં ગરબા, પૂજાપાની ખરીદી માટે લોકોની ભીડ

અમરેલી,તા.૧૦

મા આદ્યશક્તિની ભક્તિ અને આરાધનાના મહાપર્વ નવરાત્રીના આગમનને હવે ગણતરીના કલાકો બાકી રહ્યા છે, ત્યારે અમરેલીમાં નવરાત્રીની ઉજવણી માટેની તૈયારીઓ અંતિમ તબક્કામાં પહોંચી છે. મોંઘવારીના માહોલ વચ્ચે પણ નાગરિકોમાં નવરાત્રી પર્વને લઈને ઉત્સાહ અને માતાજી પ્રત્યેની ભક્તિનો માહાત્મ્ય અકબંધ જોવા મળી રહ્યો છે.અમરેલીના અનેક વિસ્તારોમાં માટીના ગરબા બનાવતા શ્રમિક પરિવારો છેલ્લા એક મહિનાથી સતત કામગીરીમાં વ્યસ્ત છે. નવરાત્રિ દરમિયાન વિધિપૂર્વક ઘટસ્થાપન માટે માટીના ગરબાનું વિશેષ મહત્ત્વ હોવાથી તેની માંગમાં વધારો થયો છે. બજારમાં રૂ.૨૫ થી લઈને રૂ.૧૫૦ સુધીની કિંમતના સાદા અને ફેન્સી ગરબા વેચાણ માટે ઉપલબ્ધ છે. કારીગરો ગરબાને આકર્ષક રંગો અને વિવિધ ડિઝાઈનથી સજાવી ગ્રાહકોને આકર્ષવાનો પ્રયાસ કરી રહ્યા છે. નવરાત્રી નજીક આવતાં વેપારીઓ અને કારીગરો માટે પણ આ સમયગાળો મહત્ત્વનો બન્યો છે.બીજી તરફ, શહેરના હરીરોડ,ટાવર રોડ પર પરંપરાગત વસ્ત્રો, ચણીયાચોળી, ઘરેણાં અને પૂજાપાની સામગ્રીની ખરીદી



માટે યુવતીઓ સહિત લોકોની અવરજવર વધી છે. નવરાત્રીમાં ગરબા રમવા માટે આકર્ષક પોશાક અને પરંપરાગત આભૂષણો પહેરવાની પ્રથા હોવાથી બજારમાં વિવિધ પ્રકારની વસ્તુઓ જોવા મળી રહી છે. વેપારીઓના જણાવ્યા અનુસાર કાચા માલના ભાવમાં વધારો થવાને કારણે વસ્ત્રો અને આભૂષણોની કિંમતોમાં અંદાજે ૧૦થી ૨૦ ટકાનો વધારો નોંધાયો છે. તેમ છતાં ખરીદીનો ઉત્સાહ ઓછો થયો નથી.

સમયની સાથે નવરાત્રિની ઉજવણીની રીતમાં પણ પરિવર્તન જોવા મળી રહ્યું છે. અગાઉ શેરીઓ અને મહોલ્લાઓમાં લાકડાના રંગબેરંગી દાંડિયા સાથે પરંપરાગત દાંડિયારાસ રમવાની વિશેષ પરંપરા હતી. જોકે, હવે આધુનિક ગરબા અને મોટા આયોજનો તરફ યુવાનોનો ઝુકાવ વધતાં પરંપરાગત દાંડિયારાસનો ક્રેઝ ઘટતો હોવાની વેપારીઓની લાગણી છે. લોકસંસ્કૃતિ અને પરંપરાને જીવંત રાખવા માટે શેરીઓ તથા સોસાયટીઓમાં પરંપરાગત દાંડિયારાસનાં આયોજનને પ્રોત્સાહન આપવાની જરૂરિયાત પણ વ્યક્ત થઈ રહી છે. નવી પેઢી નવરાત્રીની મૂળ પરંપરા અને સાંસ્કૃતિક વારસાથી પરિચિત રહે તે માટે સામૂહિક પ્રયાસો જરૂરી છે. આમ, અમરેલીમાં નવરાત્રીના આગમન પૂર્વે બજારોમાં ખરીદીનો માહોલ જામ્યો છે અને ભક્તિ, પરંપરા તથા ઉત્સાહના સંગમ સાથે નગરજનો માતાજીના આરાધના પર્વને આવકારવા તૈયાર થઈ રહ્યા છે.

ચલાલામાં પ્રેમલગ્ન કરનાર પૌત્રીને દાદાએ મારી નાખવાની ધમકી આપી

ચલાલા,તા.૧૦

ચલાલામાં રહેતાં અંજલીબેન રાહુલભાઈ સોલંકી (ઉ.વ.૨૩)એ જૂનાગઢના ભેંસાણમાં રહેતા ખોડાભાઈ નારણભાઈ ભાલિયા સામે ફરિયાદ નોંધાવી હતી. ફરિયાદ મુજબ, તેમણે રાહુલ સાથે પ્રેમલગ્ન કર્યા હતા, જે તેમના દાદા ખોડાભાઈને ગમ્યું નહોતું. આથી તેમણે અંજલીબેનના સાસુ-સસરા અને પતિને ભૂંડી ગાળો આપી હતી. ઉપરાંત, તેમના સસરાને બે થી ત્રણ લાકડીના ઘા માર્યા હતા. અંજલીબેન વચ્ચે પડતાં તેમને પણ વાંસાના ભાગે લાકડીનો એક ઘા મારી મૂંઢ ઈજા પહોંચાડી હતી. આ ઉપરાંત, આરોપીએ જાનથી મારી નાખવાની ધમકી પણ આપી હતી.

બનાવ અંગે ચલાલા પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ રવીભાઈ ખોડાભાઈ બગડા વધુ તપાસ ચલાવી રહ્યા છે.

ધારીમાં પતિ-પત્નીએ એકબીજા સામે જાનથી મારી નાખવાની ફરિયાદ નોંધાવી

ધારી,તા.૧૦

ધારીમાં એક ચોંકાવનારો કિસ્સો સામે આવ્યો છે, જ્યાં પતિ-પત્નીએ એકબીજા સામે મારપીટ અને જાનથી મારી નાખવાની વળતી ફરિયાદ નોંધાવી હતી.પ્રથમ ફરિયાદમાં હીનાબેન આકાશભાઈ સાગઠિયાએ પતિ આકાશ સાગઠિયા, ચંદાબેન સાગઠિયા, ગોવિંદભાઈ મકવાણા તથા કોમલબેન ગોવિંદભાઈ મકવાણા સામે ફરિયાદ નોંધાવી હતી. ફરિયાદ મુજબ, તેઓ, તેમના પિતા અને ભાઈ ઘરે હાજર હતા ત્યારે આરોપી આકાશ તેમના ઘરની બહાર આવીને કહેવા લાગ્યો હતો કે, "મારાં ઘરેણાં પાછા આપો." આથી તેમના પિતાએ ઠપકો આપતાં તેને સારું નહોતું લાગ્યું અને જેમ ફાવે તેમ ગાળો આપી ઢીકાપાટુ વડે માર માર્યો હતો. ઉપરાંત, લોખંડના પાઈપ અને લાકડી વડે તેમના ભાઈને જમણા પગમાં તથા વાંસામાં એક-એક ઘા માર્યો હતો. અન્ય આરોપીઓએ તેમની માતાને ઢીકાપાટુનો માર મારી જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. તમામ આરોપીઓએ એકસંપ થઈ તેમના પિતાની અલ્ટો ગાડીના કાચ તોડીને આશરે રૂ. ૧૦,૦૦૦નું નુકસાન કર્યું હતું.

સામે પક્ષે, આકાશભાઈ હિંમતભાઈ સાગઠિયાએ પત્ની હીનાબેન આકાશ સાગઠિયા, શૈલેષભાઈ ભરતભાઈ દાફડા તથા ભરતભાઈ દાફડા સામે સામી ફરિયાદ નોંધાવી હતી. જે મુજબ તેમણે પોતાની પત્નીને ફોન કરીને ઘરેણાં આપવા બાબતે કહેતાં ભરતભાઈને સારું નહોતું લાગ્યું અને તેમણે જેમ ફાવે તેમ ગાળો આપી હતી. બાદમાં ત્રણેય જણાએ એકસંપ થઈ કુહાડી, લાકડી તથા ઈંટ વડે મૂંઢ ઈજાઓ પહોંચાડી તેમની માલવાહક ગાડીનો કાચ તોડીને રૂ. ૫,૦૦૦નું નુકસાન કર્યું હતું તેમજ જાનથી મારી નાખવાની ધમકી આપી હતી.બનાવ અંગે ધારી પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ ધર્મેન્દ્રભાઈ જોરૂવાળા વધુ તપાસ ચલાવી રહ્યા છે.

અમરેલી જિલ્લામાં બે સ્થળેથી ઈંગ્લિશ દારૂની ૭૩ બોટલ ઝડપાઈ

અમરેલી,તા.૧૦

અમરેલી જિલ્લામાં પોલીસે બે અલગ-અલગ સ્થળેથી ભારતીય બનાવટના ઈંગ્લિશ દારૂની કુલ ૭૩ બોટલો ઝડપી પાડી હતી. ખાંભાના સાલા જવાના પાટિયા પાસેથી બે યુવકો મોટરસાયકલ પરથી પસાર થઈ રહ્યા હતા ત્યારે પોલીસે તેમને અટકાવી તલાશી લેતાં ભારતીય બનાવટના ઈંગ્લિશ દારૂની ૭૨ બોટલો મળી આવી હતી. પોલીસે દારૂની બોટલો અને મોટરસાયકલ મળી કુલ રૂ. ૩૬,૪૮૦નો મુદ્દામાલ જપ્ત કર્યો હતો. બીજી તરફ, હિંડોરણા ગામે હરભોલે હોટલ પાસેથી એક શાકભાજી વિક્રેતા પાસેથી ભારતીય બનાવટના ઈંગ્લિશ દારૂની એક બોટલ મળી આવી હતી. પોલીસે તેની પાસેથી આઈફોન, એક્ટિવા અને દારૂની બોટલ મળી કુલ રૂ. ૪૫,૩૨૦નો મુદ્દામાલ જપ્ત કર્યો હતો. આ ઉપરાંત, નારાયણનગર ગામે ચામુંડાનગર વિસ્તારમાંથી બે લિટર પીવાનો દેશી દારૂ મળી આવ્યો હતો. જ્યારે જિલ્લામાં વિવિધ સ્થળોએથી ૭ ઈસમો કેફી પીણું પીધેલી હાલતમાં રખડતા-ફરતા મળી આવ્યા હતા.

ટેક્સ, દંડ અને વ્યાજ સહિતની રકમ નહીં ભરાય તો

વાહનો બ્લેકલિસ્ટ કરી મિલકત પર સરકારી બોજો નોંધવાની કાર્યવાહી કરાશે

અમરેલી,તા.૧૦

અમરેલી પ્રાદેશિક વાહન વ્યવહાર કચેરી દ્વારા લાંબા સમયથી મોટર વાહન વેરો બાકી રાખનારા વાહન માલિકોને સાત દિવસમાં ટેક્સ, દંડ અને વ્યાજ સહિતની સંપૂર્ણ રકમ ભરવા સૂચના આપવામાં આવી છે. અગાઉ નોટિસ પાઠવવા છતાં વેરો નહીં ભરનાર સામે નિયત સમયમર્યાદામાં ચુકવણી નહીં થાય તો કડક કાયદાકીય કાર્યવાહી કરવામાં આવશે. વાહનોને **VAHAN** પોર્ટલ પર બ્લેકલિસ્ટ કરી ટ્રાન્સફર, ફિટનેસ, પરમિટ, **NOC** અને હાઈપોથેકેશન સહિતની ઓનલાઈન સેવાઓ બંધ કરાશે. બાકીદારોનાં વાહનો જપ્ત કરી સરકારી લેણાંની વસૂલાત માટે જાહેર હરાજી પણ થઈ શકે છે. ગુજરાત જમીન મહેસૂલ અધિનિયમની જોગવાઈઓ હેઠળ જમીન, મકાન કે દુકાન જેવી સ્થાવર મિલકત પર સરકારી બોજો નોંધવાની કાર્યવાહી પણ હાથ ધરાશે. બાકી રકમની વિગતો માટે વાહન માલિકોએ કચેરી સમય દરમિયાન અમરેલી **RTO**નો સંપર્ક કરવા અધિકારીની યાદીમાં જણાવાયું છે.

વડિયાના બરવાળા બાવીશી ગામે 'આપણા વાલીવારસની જમીનનો કેસ પાછો ખેંચી લે' તેમ કહી વેપારીને ગાળો આપી

વડિયા,તા.૧૦

વડિયાના બરવાળા બાવીશી ગામે 'આપણા વાલીવારસની જમીનનો કેસ પાછો ખેંચી લે' તેમ કહી વેપારીને ગાળો આપી હતી તેમજ જાનથી મારી નાખવાની ધમકી પણ આપી હતી.બનાવ અંગે વિપુલભાઈ પોપટભાઈ બાવીસી (ઉ.વ.૪૯)એ કાળુભાઈ પોપટભાઈ બાવીસી અને પ્રફુલ્લાબેન કાળુભાઈ બાવીસી સામે ફરિયાદ નોંધાવી હતી. ફરિયાદ મુજબ, ફરિયાદી દૂધ લેવા માટે તેમના ગામમાં ઊભા હતા તે વખતે આરોપીઓએ આવીને 'આપણા વાલીવારસની જમીનનો જે કેસ કરેલો છે તે પાછો ખેંચી લેજે' તેમ કહી ગાળો આપી હતી. તેમજ મૂંઢ માર મારીને જાનથી મારી નાખવાની ધમકી આપી હતી.બનાવ અંગે વડિયા પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ એસ. બી. કલસરિયા વધુ તપાસ ચલાવી રહ્યા છે.



અવસાન નોંધ

ધોરાજી

ધોરાજી નિવાસી સ્વ. કાંતિલાલ શાંતિલાલ જોષી તે સ્વ. જગદીશભાઈ જોષી (રાણાવાવ), હરેશભાઈ જોશી (જુનાગઢ), નલિનકાંત જોષી (ભોલ ગામડા)ના ભાઈ તેમજ ભૂમિબેનના પિતાનું તા.૯/૧૦/૨૬, શુક્રવારના રોજ દુ:ખદ અવસાન થયું છે. સદગતનું બેસણું તા.૧૨/૧૦/૨૬ સોમવારે, ૪ થી ૬ તેમના નિવાસ સ્થાને બસ સ્ટેશન સામે, ધોરાજી ખાતે રાખવામાં આવેલ છે.

નામ બદલાવેલ છે

આથી હું શાહીનાબાનુ ઈકબાલભાઈ કુરેશી જાહેર કરૂ છુ કે મે મારુ જુનુ નામ શાહિના ઈકબાલભાઈ કુરેશી માંથી બદલાવીને શાહીનાબાનુ ઈકબાલભાઈ કુરેશી (નવુ) કરેલ છે. અને હવે પછીથી હું શાહીનાબાનુ ઈકબાલભાઈ કુરેશી (નવુ) તરીકે ઓળખાઈશ.
સહી : શાહીનાબાનુ ઈકબાલભાઈ કુરેશી
એડ્રેસ : કાજીવાડ, પાણી દરવાજા, અમરેલી, અમરેલી, ગુજરાત - ૩૬૫૬૦૧

નામ બદલાવેલ છે

હું આથી જાહેર કરનાર, શૈલેષભાઈ મનસુખભાઈ કણક
મારું જૂનું નામ : શૈલેષકુમાર મનસુખલાલ કણક થી બદલી ને
નવું નામ :- શૈલેષભાઈ મનસુખભાઈ કણક
કરવામાં આવ્યું છે.
તેથી હું શૈલેષભાઈ મનસુખભાઈ કણક તરીકે ઓળખાવ છું
સહી :- શૈલેષભાઈ મનસુખભાઈ કણક
સરનામું :- સરદાર નગર-૦૪, ચક્કરગઢ રોડ, અમરેલી,
તા.જી: અમરેલી, ગુજરાત-૩૬૫૬૦૧



:: જાહેર નોટીસ ::

આથી અમો નીચે સહી કરનાર-એસ.પી.ભડકોલીયા, (એમ.કોમ, એલ.એલ.બી., એડવોકેટ & નોટરી), સરનામુ-પોલીસ સ્ટેશન સામે, મુ.લીલીયા, તા.લીલીયા, જિ.અમરેલી ના અમોના અસીલની સુચના અને ફરમાઈશ મુજબ નીચેની વિગતે જાહેર નોટીસ આપી જણાવીએ છીએ કે,

(૧) અમરેલી જિલ્લાના લીલીયા તાલુકાના મોજે-ગુંદરણ ગામે ખેડુત ખાતા નં-૪૧૭ ની ખેતીના માલિકશ્રી બલર રમેશભાઈ મોહનભાઈ ના સ્વતંત્ર નામે સ.નં-૭૪૭ (જુનો સ.નં-૭૮/૨ પૈકી ૨), ક્ષેત્ર.હે.આરે.ચોમી.૧-૪૬-૭૦, આકાર-૯.૭૦ વાળી ખેતીની જમીન આવેલ છે. સદરહુ જમીનના ૭/૧૨ માં એસ.બી.આઈ ગુંદરણ શાખાનો અનુકમે રૂા. ૧૫,૦૦૦/-, રૂા.૫,૦૦,૦૦૦/- નો બોજો નોંધાયેલ છે. તથા સ.નં-૭૪૮ (જુનો સ.નં-૭૮/૨ પૈકી ૧૧), ક્ષેત્ર.હે. આરે.ચોમી.૧-૪૬-૭૦, આકાર-૯.૭૦ વાળી ખેતીની જમીન આવેલ છે. સદરહુ બંને જમીનોમાં હકપત્રક નોંધ નં.૪૦૦૦, તા.૨૫/૦૯/૨૦૨૬ થી એસ.બી.આઈ ગુંદરણ શાખાનો રૂા.૧૫,૦૦,૦૦૦/- બોજો દાખલ થવા કાચી નોંધ પડેલ છે. તે સિવાય રજુ કરેલ ૭/૧૨, ૮અ મુજબ અન્ય કોઈનો બોજો, ગીરો, હક નોંધાયેલ નથી.

(૨) અમરેલી જિલ્લાના લીલીયા તાલુકાના મોજે-ગુંદરણ ગામે ખેડુત ખાતા નં-૨૨૫ ની ખેતીના માલીકશ્રી બલર દેવરાજભાઈ મોહનભાઈના સ્વતંત્ર નામે સ.નં-૭૪૯ (જુનો સ.નં-૭૮/૨ પૈકી ૧), ક્ષેત્ર.હે.આરે.ચોમી.૧-૪૭-૭૧, આકાર-૯.૬૫ વાળી ખેતીની જમીન આવેલ છે. સદરહુ જમીનના ૭/૧૨માં શ્રી ગુંદરણ સેવા સહકારી મંડળી લીના તારણમાં બોજો નોંધાયેલ છે. તે સિવાય રજુ કરેલ ૭/૧૨, ૮અ મુજબ અન્ય કોઈનો બોજો, ગીરો, હક નોંધાયેલ નથી.

ઉપરોકત જણાવ્યા મુજબના ખેડુત ખાતેદાર માલીક પાસેથી ઉપરોકત વિગતે જણાવેલ સર્વેનંબર, ખાતા નંબર, ક્ષેત્રફળ, તેમજ આકાર વાળી ખેતીની જમીન અમોના અસીલ વેચાણથી ખરીદ કરી, લેવા માંગતા હોઈ, જેથી જાહેર જનતાને આથી જાણ કરવામા આવે છે કે, ઉપરોકત જણાવેલ જમીન ઉપર કોઈનો હક, હિત, હિસ્સો, દાવો, લીયન, બોજો, ગીરો, વેચાણખત, સાટાખત કે બાનાખત તેમજ લાગ ભાગ કે હક હિસ્સો સમાયેલા હોય તો, આ જાહેર નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન-૭ (સાત) માં અમો રૂબરૂ આધાર પુરાવાઓ સાથે ઉપરના સરનામે રજુ કરશો. જો તેમ નહિ કરવામાં આવે તો હક જતો (વેવ) કરેલ છે, તેમ માની આગળની કાર્યવાહી કરવામાં આવશે.

સદરહુ ખેતીની જમીન સંબંધે કોઈપણ પ્રકારના રેવન્યુ ખાતામાં, પંચાયત વિભાગમાં, કે કોઈ પ્રકારની કોર્ટમાં કે અન્ય કોઈ જગ્યાએ વાદ વિવાદ ચાલતા હોય, કે ચાલેલ હોય તો તેવા વાદ વિવાદના પક્ષકારોએ સાધનિક કાગળો સાથે આ નોટીસની તારીખથી દિન-૭ (સાત) માં અમારો ઉપરના સરનામે સંપર્ક કરવો. જો તેમ નહિ કરવામાં આવે તો ઉપરોકત ખેતીની જમીન ટાઈટલ કલીયર છે. તેમ માની આગળની કાર્યવાહી કરવામાં આવશે. ત્યારબાદ કોઈપણનો વાંધો, વચકો કે તકરાર ચાલશે નહિ. જેની જાહેર જનતાએ નોંધ લેવી.

મારા અસીલની સુચના અને ફરમાઈશથી....

સ્થળ :- લીલીયા
તારીખ :- ૧૦/૧૦/૨૦૨૬

એસ.પી.ભડકોલીયા
(એડવોકેટ & નોટરી)
મો.નં.૯૮૯૮૩ ૧૩૮૯૪

-:: જાહેર નોટીસ ::-

કોડીનાર ના મહે. એડીશનલ ચિફ જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ સાહેબશ્રીની કોર્ટમાં
મું- કોડીનાર જી-ગીરસોમનાથ.

ફો.પ.અ.નં.- ૧૫૬ / ૨૦૨૬
મુદત તારીખ : ૨૩/૧૦/૨૦૨૬

અરજદાર :- ચૌહાણ મુળજીભાઈ મસરીભાઈ
રહે. ચૌહાણની ખાણ, તા. કોડીનાર, જી.ગીરસોમનાથ
-વિધ્વાન વકીલ શ્રી- એ. જી. સુરૈયા,
વિરૂધ્ધ
સામાવાળા :- તલાટી કમ મંત્રી શ્રી, ચૌહાણની ખાણ ગ્રામ પંચાયત કચેરી
મું-ચૌહાણની ખાણ,તા. કોડીનાર, જી.ગીરસોમનાથ

આથી તમામ લાગતા વળગતાઓને આ જાહેર નોટીસ થી જાણ કરવામાં આવે છે કે, આ કામના અરજદાર ચૌહાણ મુળજીભાઈ મસરીભાઈ, રહે. ચૌહાણની ખાણ, તા. કોડીનાર, જી.ગીરસોમનાથ વાળાએ તેમના બેન રખમણબેન ઉર્ફે જ્યોત્સનાબેન મસરીભાઈ ચૌહાણનો જન્મ તા.૦૧/૦૬/૧૯૬૮ ના રોજ ચૌહાણની ખાણ, તા. કોડીનાર, જી.ગીર સોમનાથ મુકામે થયેલ છે. જે બાબતની અરજી દાખલ કરી જન્મ અંગેનુ પ્રમાણપત્ર મેળવવા અત્રેની અદાલતમાં અરજી દાખલ કરેલ હોય જે બાબતે કોઈને વાંધા તકરાર હોય તો મુદત તારીખ ૨૩/૧૦/૨૦૨૬ ના કલાક ૧૦-૩૦ કલાકે કોડીનાર કોર્ટમાં બિનચુક હાજર રહેશો તેમ કરવામાં કસુર કરશો તો આગળની યોગ્ય તે કાર્યવાહી કરવામાં આવશે જેની નોંધ લેશો.

આજ તારીખ ૦૯/૧૦/૨૦૨૬ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરી આપ્યા.

તૈયાર કરનાર	મુકાબલ કરનાર	કોર્ટનો સિક્કો	હુકમથી
સહી	સહી		સહી
(એ.આર.ચૌહાણ)	(એ.જી.ચૌહાણ)		(કે. એચ. બારડ)
(આસીસ્ટન્ટ)	(સુપ્રિટેન્ડેન્ટ)		ઇ.ચા (રજીસ્ટ્રાર)
			એડી.ચિફ.જયુડી.મેજી.કોર્ટ, કોડીનાર



કેરીયાચાડ આરોગ્ય મંદિર અને આરબીએસકે ટીમ દ્વારા બાળકીના ક્લબફૂટની સફળ સારવાર

અમરેલી,તા.૧૦



અમરેલી જિલ્લાના વાંકિયા પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર હેઠળ આવેલ આયુષ્માન આરોગ્ય મંદિર કેરીયાચાડ ટીમ તથા આરબીએસકે રૂરલ ટીમ ૭૧૦ ના સંયુક્ત પ્રયાસોથી એક બાળકીના સ્વસ્થ ભવિષ્ય તરફ મહત્વપૂર્ણ પગલું ભરાયું છે. મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી આર.એમ.જોશીના માર્ગદર્શન અને તાલુકા હેલ્થ ઓફિસર અમરેલી ડો.સતાણીના નેજા હેઠળ રાષ્ટ્રીય બાળ સ્વાસ્થ્ય કાર્યક્રમ અંતર્ગત આ કામગીરી થઈ હતી. બાળકી વિશ્વા ગોબરભાઈ દાફડા (જન્મ તારીખ ૦૮/૧૧/૨૦૨૫) માં ક્લબ ફૂટ એટલે કે જન્મજાત પગની ખોડની ઓળખ કરી યોગ્ય સારવાર માટે માર્ગદર્શન અને સંકલન કરવામાં આવ્યું હતું. સમયસર ઓળખ, યોગ્ય સારવાર અને નિયમિત અનુસરણ દ્વારા બાળકીની સારવારમાં પ્રગતિ નોંધાઈ છે. આ કામગીરી બાળકોમાં જન્મજાત ખોડની વહેલી ઓળખના મહત્વને દર્શાવે છે

સાવરકુંડલામાં સિવિલ હોસ્પિટલ તરફ જતા માર્ગ પર દબાણો દૂર કરવાની માંગ

સાવરકુંડલા,તા.૧૦



સાવરકુંડલા શહેરમાં જાહેર માર્ગો પરના દબાણોનો પ્રશ્ન ફરી ચર્ચામાં આવ્યો છે. તાલુકા પંચાયત કચેરી, કાઠી બોર્ડિંગ અને ધર્મશાળા પાછળ આવેલા કુદરતી ઉપચાર કેન્દ્ર પાસેથી બેટીયાંવાસ થઈ સિવિલ હોસ્પિટલ તરફ જતા માર્ગ પર દબાણો હોવાની રજૂઆત થઈ છે. આ માર્ગ પર ગેરકાયદેસર દુકાનો, ગેરેજો અને મકાનોના કારણે વાહનચાલકો તથા સ્થાનિક લોકોને અવરજવરમાં મુશ્કેલી પડતી હોવાના આક્ષેપો થઈ રહ્યા છે.

ખાસ કરીને દર્દીઓને સિવિલ હોસ્પિટલ લઈ જતી વખતે એમ્બ્યુલન્સને સરળતાથી રસ્તો મળી રહે તે જરૂરી છે. આથી નગરપાલિકા તંત્ર સ્થળ તપાસ કરી માર્ગની માપણી કરાવે અને ગેરકાયદેસર દબાણો જણાય તો નિયમ મુજબ દૂર કરે તેવી માંગ ઊઠી છે. હવે પાલિકા તંત્ર આ પ્રશ્ને શું કાર્યવાહી કરે છે તેના પર સૌની નજર છે.

ગોવા ખાતે યોજાયેલી વેસ્ટ ઝોન જુનિયર એથ્લેટિક્સ ચેમ્પિયનશિપમાં અમરેલીના ખેલાડીઓનો દબદબો

માર્ગીને ૪૦૦ મીટર દોડમાં સુવર્ણ અને વાઘેલા કિશાનને U-14 ટ્રાયથ્લોનમાં કાંસ્ય ચંદ્રક મળ્યો

અમરેલી,તા.૧૦



ગોવા ખાતે ૨૭થી ૨૯ સપ્ટેમ્બર દરમિયાન યોજાયેલી ૩૭મી વેસ્ટ ઝોન જુનિયર એથ્લેટિક્સ ચેમ્પિયનશિપ-૨૦૨૬માં અમરેલીના ખેલાડીઓએ શાનદાર પ્રદર્શન કર્યું હતું. માર્ગીએ ૪૦૦ મીટર દોડમાં સુવર્ણ ચંદ્રક, જ્યારે વાઘેલા કિશાને U-૧૪ ટ્રાયથ્લોનમાં કાંસ્ય ચંદ્રક મેળવ્યો હતો. કોચ મિલન વ્યાસના માર્ગદર્શન હેઠળ મળેલી આ સફળતાથી અમરેલી જિલ્લાનું ગૌરવ વધ્યું હતું. બંને ખેલાડીઓને રમતપ્રેમીઓએ અભિનંદન પાઠવ્યાં હતાં.

ખાંભાના મોટા સમઢીયાળાની ઘટના

લગ્નજીવનના સમાધાનની તકરારમાં આધેડ પર ત્રણ શખ્સોનો હુમલો

જાનથી મારી નાખવાની ધમકી પણ આપી

ખાંભા,તા.૧૦

ખાંભા તાલુકાના મોટા સમઢીયાળા ગામે સંબંધીના ભંડારાના પ્રસંગ દરમિયાન લગ્નજીવનના સમાધાનની તકરારમાં એક આધેડ પર ત્રણ શખસોએ હુમલો કરી ઢીકાપાટુનો માર માર્યો હોવાની તેમજ જાનથી મારી નાખવાની ધમકી આપ્યાની પોલીસ ફરિયાદ નોંધાઈ છે. આ બનાવ અંગે અશ્વિનભાઈ ટપુભાઈ મકવાણા (ઉ.વ.૫૮)એ જૂનાગઢમાં રહેતા શ્રીકાંત જીવાભાઈ કાંબલિયા તથા ધોરાજીના મયુરભાઈ જગદીશભાઈ જોગિયાણી અને બ્રિજેશભાઈ જગદીશભાઈ જોગિયાણી સામે ફરિયાદ નોંધાવી હતી. ફરિયાદ મુજબ, મયુર જગદીશભાઈ જોગિયાણીની સગાઈ અને લગ્ન જીકીયાળી ગામે કરાવ્યા હતા. લગ્નના બે વર્ષ બાદ પત્ની રિસામણે ચાલી ગઈ હતી. તેમણે અગાઉ ત્રણ વખત સમજાવટથી મામલો થાળે પાડીને પરિણીતાને સાસરે મોકલાવી હતી, પરંતુ હવે તે પરત જવા તૈયાર નહોતી. આ બાબતનો ખાર રાખી આરોપી શ્રીકાંત અને મયુર અવારનવાર ફરિયાદીને ફોન કરી ×તમે જ અમારું સમાધાન કરાવતા નથી× તેમ કહી ગાળો આપતા હતા. દરમિયાન, મોટા સમઢીયાળા ગામે તેમના કાકાના દીકરાનો ભંડારો હોવાથી તેઓ ત્યાં હાજર હતા. તે વખતે આરોપી શ્રીકાંત ત્યાં આવીને સુરત બોલાવવા બાબતે બોલાચાલી કરવા લાગ્યો હતો.

આથી ફરિયાદીએ ×દીકરીના માતા-પિતા સુરત રહે છે, અત્યારે મહેમાનો ગયા પછી બે કલાક બાદ દીકરીના પિતા સાથે વાત કરી લઈશું× તેમ કહેતાં જ ઉશ્કેરાયેલા આરોપીએ ×મારે અત્યારે અને અહીં જ વહીવટ કરવો છે× તેમ કહી ગાળાગાળી શરૂ કરી દીધી હતી.ત્યારબાદ આરોપી શ્રીકાંતે તેમને નીચે પછાડી દઈ માર મારવા લાગ્યો હતો. તે દરમિયાન આરોપી મયુર જગદીશભાઈ અને બ્રિજેશ પણ દોડી આવ્યા હતા અને ત્રણેય શખસોએ ભેગા મળી તેમને ઢીકાપાટુનો બેફામ માર મારી જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. બનાવ અંગે ખાંભા પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ એમ. પી. ધાંધળ વધુ તપાસ ચલાવી રહ્યા છે.

નાગેશ્રી પોલીસ સ્ટેશનમાં પુરુષે ફિનાઈલની ગોળીઓ ગળી આપઘાતનો પ્રયાસ કર્યો

નાગેશ્રી, તા.૧૦

પોલીસ પોતાની સામે કોઈ કાર્યવાહી ન કરે અને તેના પર દબાણ ઊભું થાય તેવા બદઈરાદાથી નાગેશ્રી પોલીસ મથકમાં જ એક પુરુષે ફિનાઈલની ગોળીઓ ગળી આત્મહત્યાનો પ્રયાસ કર્યાની ચોંકાવનારી ઘટના સામે આવી હતી.બનાવની વિગત મુજબ, ધોળાદ્રી ગામનો લાખાભાઈ દાનાભાઈ પરમાર નામનો શખસ નાગેશ્રી પોલીસ સ્ટેશનમાં આવ્યો હતો અને 'પોલીસ ફક્ત મારી ઉપર જ કેસ કરે છે તેમ કહી ઉશ્કેરાટ વ્યક્ત કરવા લાગ્યો હતો. ત્યારબાદ, પોલીસ પોતાની વિરુધ્ધ કોઈ કાયદાકીય કાર્યવાહી ન કરે તે માટે મનમાની ચલાવી પોલીસ તંત્ર પર દબાણ લાવવાના ઈરાદાથી તેણે ખિસ્સામાંથી ફિનાઈલની ગોળીઓ કાઢીને ગળી લીધી હતી.

પોલીસ સ્ટેશન પરિસરમાં જ આત્મહત્યાનો પ્રયાસ કરી પોલીસની ફરજમાં રુકાવટ ઊભી કરવાનો પ્રયાસ કરતાં ફરજ પરના કર્મચારીઓમાં દોડધામ મચી ગઈ હતી. પોલીસે તાત્કાલિક કાર્યવાહી હાથ ધરી લાખાભાઈ દાનાભાઈ પરમાર વિરુધ્ધ કાયદેસરનો ગુનો નોંધી આગળની તપાસ શરૂ કરી હતી.

ડેડકડી ગામે વાડીમાં વીજ કરંટ લાગતાં શ્રમિકનું કમકમાટીભર્યું મોત

સાવરકુંડલા,તા.૧૦

સાવરકુંડલા તાલુકાના ડેડકડી ગામે વાડીમાં કપાસના પાકને પાણી પાતી વખતે વીજ વાયર અડી જતાં જોરદાર વીજ કરંટ લાગવાથી એક શ્રમિકનું ઘટનાસ્થળે જ મોત નીપજ્યાનો બનાવ બન્યો હતો.

બનાવની વિગત મુજબ, અજયભાઈ અરવિંદભાઈ તડવી ડેડકડી ગામની સીમમાં આવેલી વાડીએ કપાસના ધોરિયામાં પાણીનું નાકું વાળવા ગયા હતા. તે દરમિયાન જમીન પર ચાલુ હાલતમાં પડેલો ઈલેક્ટ્રિક વાયર નજરે પડતાં તેને એકબાજુ ખસેડવા માટે હાથ અડાડતાં જ તેમાં વહેતા જોરદાર વીજપ્રવાહના કારણે ગંભીર વીજ આંચકો લાગ્યો હતો. અકસ્માતે વીજ કરંટ લાગવાથી ઘટનાસ્થળે જ તેમનું પ્રાણપંખેરું ઊડી ગયું હતું.

આ બનાવને પગલે મૃતકના પરિવારમાં ભારે શોકનો માહોલ છવાઈ ગયો હતો. પોલીસે ઘટના અંગે અકસ્માતે મોતનો ગુનો નોંધી આગળની કાયદેસરની તપાસ હાથ ધરી હતી. સાવરકુંડલા રૂરલ પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ એમ. વી. ચુડાસમા વધુ તપાસ ચલાવી રહ્યા છે.

સૌરાષ્ટ્રયાર્ડના ભાવ

રાજકોટ		
કપાસ બી.ટી.	૧૭૩૫	૧૯૬૨
ઘઉં લોકવન	૫૫૨	૬૧૮
ઘઉં ટુકડા	૫૪૭	૬૭૫
જુવાર સફેદ	૧૨૮૫	૧૪૦૦
બાજરી	૩૬૨	૪૫૯
મકાઇ	૫૦૦	૫૦૦
તુવેર	૧૪૫૦	૨૦૦૦
ચણા પીળા	૧૨૦૫	૧૫૨૫
ચણા સફેદ	૧૬૦૦	૨૨૬૧
અડદ	૧૪૫૦	૨૦૩૦
મગ	૧૪૦૦	૧૮૧૫
વાલ દેશી	૧૧૨૫	૧૬૦૦
ચોળી	૧૦૫૦	૨૨૫૦
વટાણા	૭૦૧	૧૦૫૦
રાજમા	૧૮૦૦	૨૨૦૦
સીંગદાણા	૧૬૫૦	૧૯૫૦
મગફળી જાડી	૧૧૩૦	૧૫૯૦
મગફળી જીણી	૧૧૫૦	૧૭૧૪
તલી	૨૨૫૦	૩૦૦૮
એરંડા	૧૨૫૦	૧૫૨૫
અજમો	૧૬૫૦	૩૩૫૦
સોયાબીન	૧૧૫૦	૧૩૮૦
સીંગફાડા	૧૫૦૦	૧૮૫૦
કાળા તલ	૨૬૦૦	૪૦૦૦
લસણ	૧૧૦૧	૨૩૭૫
ધાણા	૨૮૦૦	૨૯૮૦
ધાણી	૨૮૨૦	૩૦૪૪
વરીયાળી	૧૫૦૦	૨૨૪૪
જીરૂ	૪૩૦૦	૪૮૭૦
રાય	૧૪૫૦	૧૯૨૬
મેથી	૮૫૦	૧૬૮૮
કલોંજી	૪૫૦૦	૫૦૬૦
રાયડો	૧૩૦૦	૧૬૩૦
રજકાનું બી	૭૪૦૦	૧૦૨૦૦
ગુવારનું બી	૧૧૫૦	૧૪૮૬

રાજકોટ (શાકભાજી)		
બટેટા	૮૯	૩૦૨
ડુંગળી સુકી	૩૬૦	૮૪૧
ગોંડલ		
કપાસ	૧૧૭૬	૧૯૧૬
ઘઉં લોકવન	૫૨૮	૬૧૦
ઘઉં ટુકડા	૫૨૪	૭૫૪
મગફળી જીણી	૧૦૫૧	૧૭૦૧
સિંગદાણા જાડા	૧૬૫૦	૧૮૭૧
સિંગ ફાડીયા	૯૦૦	૧૮૩૧
એરંડા/એરંડી	૧૩૨૬	૧૫૬૧
જીરૂ	૨૪૦૧	૪૯૪૧
ધાણા	૨૮૦૦	૩૧૬૧
ડુંગળી લાલ	૧૨૧	૮૩૧
અડદ	૭૦૧	૨૦૫૧
મઠ	૮૫૧	૮૫૧
તુવેર	૧૨૦૦	૧૯૫૧
રાયડો	૧૨૮૧	૧૨૮૧
રાય	૧૮૬૧	૧૮૬૧
મેથી	૫૫૧	૧૪૭૬
સુવાદાણા	૧૩૪૧	૧૩૪૧
કાંગ	૫૦૦	૭૯૧
ગુવાર બી	૧૨૫૧	૧૨૫૧
મગફળી જાડી	૧૦૦૧	૧૬૧૬
સફેદ ચણા	૧૪૦૧	૨૩૮૧
મગફળી ૬૬	૧૨૦૦	૨૪૨૧
ધાણી	૨૯૦૧	૩૧૫૧
બાજરો	૪૩૧	૪૭૧
જુવાર	૬૦૦	૧૪૨૧
મકાઇ	૪૯૧	૫૯૧
મગ	૯૧૧	૧૮૨૧
ચણા	૧૧૫૧	૧૫૨૧
ચોળા / ચોળી	૧૪૦૧	૧૮૦૧
સોયાબીન	૧૧૦૧	૧૪૫૬
ગોગળી	૬૭૬	૧૪૦૦
વટાણા	૬૩૧	૧૦૪૧

અમરેલી		
ગીરનાર શીંગ	૧૧૭૫	૧૪૮૫
શિંગ મોટી	૧૧૭૫	૧૫૩૫
શિંગદાણા ફાડા	૧૬૦૦	૧૮૪૫
તલ સફેદ	૧૯૦૫	૩૧૨૦
તલ કાળા	૨૧૪૦	૩૯૫૦
તલ કાશમીરી	૨૫૭૦	૨૫૭૦
બાજરો	૩૦૦	૪૯૦
જુવાર	૧૩૪૦	૧૩૪૦
ઘઉં ટુકડા	૫૧૦	૭૩૦
ઘઉં લોકવન	૫૨૦	૫૭૫
મગ	૧૪૮૦	૧૭૬૦
અડદ	૧૬૦૦	૧૯૯૦
ચણા	૯૫૦	૧૪૫૫
સફેદ ચણા	૧૦૫૦	૧૪૩૫
છોલે ચણા	૧૧૩૦	૧૫૬૦
તુવેર	૧૬૮૦	૧૮૫૦
કપાસ	૧૨૫૦	૧૯૭૫
એરંડા	૧૪૩૦	૧૫૨૫
જીરૂ	૨૦૦૦	૪૬૮૦
રાય	૧૭૨૫	૧૭૨૫
ધાણી	૨૭૪૦	૨૯૬૦
સોયાબીન	૧૨૨૫	૧૩૩૦
રજકાનું બી	૨૭૫૦	૯૦૦૦
કાંગ	૨૦૦૦	૩૭૪૦
બાબરા		
કપાસ	૧૭૫૦	૨૦૨૧
કપાસ મીડીયમ	૧૩૮૦	૧૬૮૦
મગફળી	૧૩૪૦	૧૪૦૨
જીરૂ	૪૨૩૦	૪૬૮૦
ઘઉં	૫૩૫	૫૯૮
મગ	૧૬૩૦	૨૦૪૦
અડદ	૧૭૬૦	૧૯૦૫
ધારી		
કપાસ	૧૮૫૨	૧૯૨૩
મગફળી	૧૩૨૬	૧૪૭૦

ચણા	૧૩૩૫	૧૩૫૧
શીંગદાણા	૧૫૦૦	૧૫૦૦
શીંગફાડા	૧૪૩૦	૧૪૩૦
તલ	૨૪૫૦	૨૪૫૦
કોડીનાર		
મગફળી નવી	૧૧૯૦	૧૫૦૧
બાજરી હાઇબ્રીડ	૪૧૧	૫૩૦
ઘઉં	૫૦૦	૫૮૧
અડદ	૧૩૦૦	૨૦૬૬
મગ	૧૨૦૦	૧૮૬૦
ચણા	૧૩૦૦	૧૪૭૧
સફેદ તલ	૨૦૦૦	૨૭૪૦
કાળા તલ	૨૩૫૦	૩૯૪૫
સોયાબીન	૧૧૫૦	૧૩૪૦
બગસરા		
કપાસ	૧૮૭૫	૧૯૭૩
ઘઉં ટુકડા	૫૨૯	૫૨૯
ઘઉં લોકવન	૪૮૦	૫૪૦
અડદ	૧૮૩૦	૧૮૩૦
મગફળી	૮૦૦	૧૩૨૨
ચણા	૯૫૦	૧૨૦૦
સફેદ ચણા	૧૨૧૦	૧૨૧૦
તુવેર	૮૦૦	૯૦૦
સોયાબીન	૧૧૭૫	૧૧૭૫
ધાણા	૨૮૧૫	૨૯૦૫
લસણ	૬૦૦	૬૦૦
મગ	૧૭૮૦	૧૭૮૦
શીંગદાણા	૧૬૩૦	૧૬૩૦
સાવરકુંડલા		
શિંગ-જાણી	૧૩૨૦	૧૫૫૦
શિંગ મોટી	૧૩૫૦	૧૫૨૭
તલ સફેદ	૨૨૦૦	૨૮૧૫
તલ કાળા	૩૧૦૦	૩૭૦૦
જીરૂ	૪૪૦૦	૫૦૨૦
કપાસ	૧૯૦૦	૧૯૯૦
ઘઉં લોકવન	૫૧૫	૫૬૧

ઘઉં ટુકડા	૫૩૦	૫૭૫
બાજરો	૩૮૦	૫૦૫
જુવાર	૯૦૦	૧૪૦૦
અડદ	૧૪૦૦	૧૮૭૦
ચણા	૧૨૫૦	૧૫૯૦
તુવેર	૧૪૦૦	૧૬૭૦
મેથી	૧૧૦૦	૧૩૦૦
સોયાબીન	૧૧૫૦	૧૨૪૧
જામનગર		
બાજરી	૪૦૦	૪૪૦
ઘઉં	૫૦૦	૫૭૫
મગ	૯૦૦	૧૦૦૦
ચણા	૧૪૪૦	૧૫૨૮
ચણા સફેદ	૧૯૩૦	૨૧૦૫
મગફળી જીણી	૧૨૦૦	૧૫૫૫
એરંડા	૧૪૫૦	૧૫૩૧
તલી	૨૧૦૦	૨૬૦૫
લસણ	૮૦૦	૧૯૪૫
કપાસ	૧૭૪૦	૧૯૪૫
જીરૂ	૨૦૦૦	૪૮૮૫
ડુંગળી સુકી	૩૦૦	૮૩૦
ડુંગળી નાસિક	૬૫૦	૧૦૧૦
સોયાબીન	૧૨૦૦	૧૩૫૦
વટાણા	૮૨૦	૧૦૦૫
રાજમાં	૧૮૦૦	૨૧૫૦
મહુવા		
શિંગ ગીરનાર	૧૦૦૦	૧૪૯૧
શિંગ ૬૬	૧૪૪૦	૨૦૯૦
શિંગ ૩૯	૧૦૦૦	૧૫૬૫
શિંગ જી-૨૦	૧૨૦૦	૧૫૫૦
જુવાર	૪૮૫	૧૨૬૮
બાજરી	૩૮૦	૫૩૭
ઘઉં ટુકડા	૪૦૧	૬૧૪
મકાઇ	૩૦૦	૫૭૬
અડદ	૧૮૨૫	૧૮૨૫
મગ	૧૬૯૨	૧૬૯૨

સોયાબીન	૧૩૭૫	૧૩૭૫
ચણા	૧૪૩૦	૧૪૩૨
તલ સફેદ	૨૩૩૦	૨૩૩૦
તલ કાળા	૩૪૩૦	૩૪૩૦
તુવેર	૧૮૪૦	૧૮૪૦
ડુંગળી લાલ	૮૩	૭૨૮
ડુંગળી સફેદ	૨૦૧	૬૪૨
કપાસ શંકર	૧૬૨૫	૧૯૦૦
નાળીયેર	૫૫૦	૩૧૩૫
ખાંભા		
કપાસ A ગ્રેડ	૧૮૦૦	૧૯૪૫
ઘઉં	૬૦૧	૬૦૧
અડદ	૧૩૪૦	૧૩૪૦
મગ	૧૬૨૫	૧૬૨૫
બાજરો	૪૧૧	૪૧૧
રાજુલા		
શીંગ	૧૩૩૫	૧૩૯૧
કપાસ	૧૮૦૦	૧૯૬૨
બાજરો	૪૫૩	૫૧૫
ઘઉં ટુકડા	૪૯૦	૫૭૭
જુવાર	૭૦૦	૧૩૫૦
મગ	૧૦૦૦	૧૪૦૦
અડદ	૧૭૫૧	૧૭૫૧
ચણા	૧૩૭૧	૧૩૭૧
ચોળી	૧૬૫૦	૧૬૫૦
ભેંસાણ		
કપાસ	૧૫૦૧	૧૯૬૬
ઘઉં	૪૫૧	૫૧૧
ચણા	૧૦૦૧	૧૪૫૧
અડદ	૧૪૦૧	૧૮૮૧
તુવેર	૧૨૦૧	૧૮૮૬
મગફળી	૧૦૦૧	૧૪૭૧
શિંગદાણા	૧૬૦૧	૧૭૫૧
તલ સફેદ	૨૦૦૧	૨૫૫૧
મેથી	૯૦૧	૧૧૫૧
સોયાબીન	૧૦૦૧	૧૩૪૬

૨૧ મીએ જિયો પ્લેટફોર્મ્સનો IPO ખુલવાની શક્યતા

નવી દિલ્હી,તા.૧૦



રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝની ડિજિટલ કંપની જિયો પ્લેટફોર્મ્સ લિમિટેડ પોતાના IPO માટે પ્રતિ શેર રૂ.૧,૦૬૫થી રૂ.૧,૧૧૯નો પ્રાઇસ બેન્ડ નક્કી કરી શકે છે. કંપનીનો IPO આગામી ૨૧ ઓક્ટોબરે ખુલવાની શક્યતા છે. આ IPO દ્વારા કંપની અંદાજે રૂ.૩૦,૨૦૦ કરોડ એકત્ર કરવાની યોજના ધરાવે છે. જો આ યોજના સફળ થશે, તો તે ભારતીય શેરબજારના ઈતિહાસમાં અત્યાર સુધીનો સૌથી મોટો IPO બની શકે છે. અગાઉ વર્ષ ૨૦૨૪માં હ્યુન્ડાઈ મોટર ઈન્ડિયાએ રૂ.૨૭,૮૫૮ કરોડનો IPO લાવીને દેશના સૌથી મોટા IPOનો રેકોર્ડ બનાવ્યો હતો.

તાંબુ, સ્ટીલ અને પ્લાસ્ટિકના ભાવમાં ઉછાળો, ગીઝર-કુલર મોંઘાં

નવી દિલ્હી,તા.૧૦



તાંબાના ભાવમાં ૬૦ ટકા, સ્ટીલમાં ૪૦ ટકા અને પ્લાસ્ટિકમાં ૧૦૦ ટકાનો વધારો થતાં ગીઝર, કુલર અને પંખા મોંઘાં થયાં છે. ઉત્પાદકો વધતા ખર્ચથી પરેશાન છે અને કેટલાક એલ્યુમિનિયમનો ઉપયોગ વધારી રહ્યા છે. વૈશ્વિક બજારમાં તાંબાનો ભાવ પ્રતિ ટન ૧૪,૦૦૦ ડોલરને પાર થયો છે. અગાઉ રૂ. ૧,૧૫૦ પ્રતિ કિલો મળતું તાંબુ હવે રૂ. ૧,૮૦૦એ પહોંચ્યું છે. કોપર પાઇપના ભાવમાં પણ એક વર્ષમાં ૩૫ ટકાનો વધારો થયો છે. ભાવવધારાની અસર અનેક ઉદ્યોગો પર પડી રહી છે.

અભિનય અને વ્યક્તિગત બંને રીતે મોટા- નાના પાટેકર



''આ પણ બધાને ક્યારેક ને ક્યારેક અહીંથી જવાનું જ છે. કાલે હું અહીં રહીશ કે નહીં, તે મને ખબર નથી. પ્રત્યેક વ્યક્તિના જીવનમાં એ સમય આવશે જ, પરંતુ તેના પહેલાં મારે મારી જાતને એ પ્રશ્ન પૂછવો જોઈએ – મારે જે કરવાનું છે, શું હું તે કરી રહ્યો છું? શું મેં તેના માટે પ્રયાસ કર્યો? જો મારી દુનિયા કેવળ મારાં બાળકો, મારી પત્ની અને મારા ઘર સુધી જ સીમિત છે તો પછી જીવવાનું શું અને મરવાનું શું? મારે સમાજને કંઈક તો પાછું આપવું જોઈએ ને?''

આ શબ્દો કોઈ તત્ત્વચિંતકના નથી, પણ ગત આઠમી ઑક્ટોબરે ગોવામાં અંતિમ શ્વાસ લેનાર નાના પાટેકરના છે અને પોતાના મૃત્યુના ચાર દિવસ પહેલાંના જ એક કાર્યક્રમના છે.

નાના પાટેકરની છબિ એક એવા અભિનેતાની છે જે સામાન્યતઃ ક્રાંતિકારી, સૈનિક, ક્રોધવાળા, ખલનાયક કે ખલનાયક કમ રમૂજી પાત્રો ભજવી શકે છે. આજની 'રીલ' પેઢી તેમને 'વેલકમ'ના પેલી હસવાવાળી ક્લિપથી કે 'અચ્છા હૈ...'વાળી મિમિક્રીથી જાણે છે.

જૂની પેઢી તેમને 'અંકુશ', 'પ્રતિઘાત', 'તિરંગા', 'ક્રાંતિકારી', 'યશવંત', 'અગ્નિસાક્ષી', 'વેલકમ' અને છેલ્લે 'વનવાસ'થી જાણે છે. મીડિયાએ તેમની છબિ એક ગુસ્સાવાળા વ્યક્તિની બનાવી હતી. દેશની માટી સાથે જોડાયેલા કોઈ પણ વ્યક્તિની છબિ મીડિયા આવી જ બનાવે છે. તેમાંય જો સહેજ પણ જમણેરી ઝુકાવ હોય અથવા ડાબેરીઓને શરણે ન ગયો હોય તો તો આવી બને.

કિશોરકુમારને આ મીડિયાએ ગાંડા, નિર્માતાઓ સામે અજબ શરત મૂકતા અને ચિંગુસ કલાકાર તરીકે ગણાવી દીધા હતા. દેવ આનંદની ખરાબ મિમિક્રી કરીને દેવ આનંદને પણ ભૂલવાડવા પ્રયત્ન થયો હતો. નાના પાટેકર બાબતે પણ આવું જ છે.

પરંતુ માત્ર અભિનય દ્વારા જ નહીં, પોતાના સમાજસેવાનાં કાર્યો, પોતાના ઈન્ટરવ્યૂ અને પોતાના પ્રવચનો દ્વારા સમાજ માટે આ 'નાના'એ ઘણું મોટું કાર્ય કર્યું. મૂળ નામ વિશ્વનાથ, પિતાનો વ્યવસાય પડી ભાંગ્યો પછી પૉસ્ટર ચિતર્યાં, તેના માટે આઠ કિમી જતા અને આઠ કિમી આવતા, જમવાનું મળે ન મળે આવું જીવન જોયું. એટલે જ પછીના જીવનમાં જ્યારે તેમની પાસે નાણાં થયાં ત્યારે અંગત રીતે મોજશોખમાં ઉડાવવાના બદલે, મોંઘી કારો લઈને વટ પાડવાના બદલે તેમણે ખેડૂતોની સહાય નામ ફાઉન્ડેશન દ્વારા કરી.

આજે દેશમાં વડા પ્રધાન મોદીની સાચી વાતો સાથે સંમત થાવ તો મોદી ભક્ત કે અંધભક્ત કહેવામાં આવે છે. ટીવી ડીબેટથી લઈને પાનના ગલ્લા અને સગાવ્હાલાઓ, મિત્રો કે ઑફિસ સહકર્મચારીઓ સાથેની ચર્ચામાં, જો તમે સામેવાળાના મતમાં હા જી, હા જી ન કરો તો કાં તમને એકલા પાડી દેશે, કાં તમારી સાથે સંબંધ તોડી નાખશે અને તમને કામ ન મળે તેવું ખૂન્નસ પણ રાખશે.

૨૦૧૫માં શાહરુખ ખાન અને આમીર ખાને દેશમાં અસહિષ્ણુતા વધી ગઈ છે તેવું કહેવા લાગ્યું જે આજે અગિયાર વર્ષ પછી સંજય દત્ત પણ કહે છે કે દેશમાં શાંતિ નથી.

૨૦૧૯ની ચૂંટણી પહેલાં વડા પ્રધાન મોદીના ઘરે ઉર્દૂવુડના કલાકારો ગયા હતા તેઓ ટ્રૉલ થયા હતા. અક્ષયકુમારે વડા પ્રધાન મોદીનો હળવો ઈન્ટરવ્યૂ લીધો તો તે ટ્રૉલ થયો. આ બધાના કારણે ઉર્દૂવુડના કલાકારો વડા પ્રધાન મોદી વિશે સાવચેતીથી બોલે છે. અંતર રાખે છે.

પરંતુ નાના પાટેકરનું આવું નહોતું. નાના પાટેકર મૃત્યુ પહેલાં, લેખની શરૂઆતમાં તેમના પ્રવચનનો જે અંશ ટાંક્યો તે કાર્યક્રમમાં તેમણે ભાજપ નેતા અને ગોવાના પૂર્વ મુખ્ય પ્રધાન સ્વ. મનોહર પર્રિકરની પ્રશંસા કરવામાં સહેજેય શબ્દચોરી કરી નહોતી. તેમણે મનોહર પર્રિકર વિશે કહ્યું હતું, ''આપણા દેશમાં એવી વ્યક્તિનો જન્મ થયો અને તેમણે દેશ તથા સમાજ માટે કાર્ય કર્યું, તે આપણું સૌભાગ્ય હતું. તેઓ એક ધ્યેય પ્રત્યે સમર્પિત વ્યક્તિ હતા. આટલા અલ્પ આયુષ્યમાં આટલું બધું કરીને ચાલ્યા જવું કેટલી મોટી વાત છે.'' મનોહર પર્રિકર સ્કૂટર પર ફરનારા, છેલ્લે કેન્સર સામે ઝઝૂમતા, ઑક્સિજન સિલિન્ડર સાથે પણ પોતાનું કામ કરનારા મુખ્ય પ્રધાન હતા. અને સંરક્ષણ પ્રધાન તરીકે તેમના કાર્યકાળમાં ઉડી ત્રાસવાદી આક્રમણ પછી સર્જિકલ સ્ટ્રાઇક થઈ હતી.

નાનાના નીચેના વક્તવ્યઅંશને આજના વિપક્ષો અને કૉકરોચોએ – ડફલી ગૅંગે ધ્યાનથી સાંભળવું જોઈએ જેઓ જ્યાં અનિવાર્ય હોય ત્યાં મોદીની ટીકા કરતા અને રાષ્ટ્રવાદી-વિદેશ નીતિ-અર્થનીતિ બાબતે જ્યાં તેઓ સાચા હોય ત્યાં સમર્થન કરતા લોકોને પણ મોદીભક્ત ગણાવી થપ્પો લગાડતા ફરે છે.

તેમણે નિઃસંકોચ કહ્યું હતું, ''મને નરેન્દ્ર મોદીના કેટલાક વિચારો પસંદ છે અને કેટલાક પસંદ નથી. આપણે તેને ખુલીને કહેવાનું શીખવું જોઈએ. તેમનું દરેક વક્તવ્ય અથવા દરેક કામ ખોટું નથી હોતું. છેવટે વિરોધનો અર્થ શું થાય છે?... એક નાનકડું બાળક પણ ભૂખ લાગે તો રોવા લાગે છે. તે તેની વિરોધ વ્યક્ત કરવાની રીત છે. પરંતુ આયુ વધે તેમ વિરોધની પરિભાષા પણ બદલાવી જોઈએ ને?''

''જો કોઈ વાત મને પસંદ ન આવે તો મારે તેના વિશે અવશ્ય બોલવું જોઈએ, પરંતુ પોતાની વાત કહેવાની એક નિશ્ચિત રીત હોય. જો મારે તમારા વિશે કંઈ કહેવું હોય તો હું ગંદા, અપમાનજનક કે આપત્તિજનક શબ્દોનો ઉપયોગ નહીં કરું. સાર્વજનિક મંચ પરથી બોલતા સમયે ગુસ્સા અને ગાળાગાળી ન કરવી જોઈએ.''

ચાર ઑક્ટોબરે ગોવામાં તેમના ઘરના વિસ્તાર ડૉના પૌલામાં સમ્રાટ ક્લબ ઈન્ટરનેશનલ ઈન્સ્ટૉલેશનના આ કાર્યક્રમમાં તેઓ સફેદ ઝભ્ભા અને સફેદ ગમછા સાથે દેખાયા હતા. કપાળ પર તિલક શોભી રહ્યું હતું. તેમાં તેમને કોઈ છોછ નહોતો. આ જ કાર્યક્રમમાં તેમણે 'શમેલ' (ડ્રમ જેવું એક ગોવાનું વાદ્ય) વગાડ્યું હતું. કોઈ કહી શકે કે આટલો સ્વસ્થ માણસ માત્ર ચાર જ દિવસમાં ચાલ્યો જશે?

નાના પાટેકર તેમનાં છેલ્લાં કેટલાંક વર્ષોમાં ગામડામાં રહેતા હતા. અમિતાભ બચ્ચનના 'કૌન બનેગા કરોડપતિ'માં તેઓ ગયા ત્યારે તેમણે જે વાતો કરી ત્યારે અમિતાભ પણ પ્રભાવિત થઈ ગયા હતા.

નાના જ્યાં રહેતા હતા ત્યાં એસી નહોતું. કોઈ ભોગવિલાસની સુવિધા નહોતી. નાનાએ અમિતાભને કહ્યું હતું, ''પણ શાંતિ ખૂબ જ છે.'' અમિતાભે તેમને પૂછ્યું હતું, ''તેઓ આટલી ખ્યાતિ મળ્યા પછી બધું છોડીને ગામમાં રહેવા કેમ ચાલ્યા ગયા?'' નાનાનો ઉત્તર સાંભળી મૂળ નાનાનો પરિચય થશે. તેમણે કહ્યું હતું, ''હું આ (નાનાએ ન કહ્યું, પણ આપણે કહી દઈએ કે નકલી સંબંધો, બનાવટી ચહેરાવાળા) ફિલ્મોદ્યોગનો નથી. હું અહીં આવું છું, કામ કરું છું, પાછો ચાલ્યો જઉં છું. હું અહીં ક્યારેય કોઈ પાર્ટીમાં નથી ગયો. મને તે માફક નથી આવતું. હું ગાંવખેડે (ગામડા)નો છું અને સદૈવ ત્યાંનો જ રહીશ.'' અમિતાભે વળતું કહ્યું, ''તમે ચીજો ઉપાડી રહ્યા છો, કામ કરી રહ્યા છો ત્યાં. (પોતાનાં કામો જાતે કરો છો.)''

આજના સમયમાં અસંતોષ વધી ગયો છે. કોઈને ગમે તેટલું કમાય સંતોષ જ નથી. તેથી હવે પછીની વાત વિશેષ સાંભળવા જેવી છે. નાનાએ કહ્યું હતું, ''જેટલું અમે (રાજકુમાર, અમિતાભ બચ્ચન જેવા ઘણા લોકો પોતાના માટે અમે- હમ બોલતા હોય છે.) ઇચ્છ્યું તેનાથી ઘણું વધુ મળી ગયું, અમિતજી. આવશ્યકતાઓથી ઘણું વધુ મળ્યું. આવશ્યકતાઓ ઓછી હોય તો ઘણું સરળ છે. ત્યાં એ. સી. નથી. ત્યાં બહુ મજા આવે છે. અહીં ઘરમાં જેવી દીવાલો હોય છે, તેવી દીવાલો ત્યાં નથી. અમારે ત્યાં પહાડ છે. દરેક તરફ પહાડ અને વચ્ચે અમે રહીએ છીએ. કેટલું સરળ જીવન છે.''

નાના પાટેકર પૂણે પાસે ખડકવાસલામાં આવેલા ૨૭ એકરમાં ફેલાયેલા ફાર્મહાઉસમાં રહેતા હતા. તેઓ ત્યાં એલાર્મના બદલે પક્ષીઓના મધુર કલરવ સાંભળીને પરોઢિયે ઊઠી જનારા હતા. તેમના ઘરે બનાવેલા જિમમાં યોગ અને અન્ય વ્યાયામ એક કલાક સુધી કરતા હતા. તેઓ પોતાનો સવારનો અલ્પાહાર, રોંઢો અને વાળુ (આ બંને શબ્દો જે ગુજરાતી ન જાણતા હોય તે ગુજરાતી કહેવાને લાયક નથી) પોતે જ રાંધતા હતા. ફિલ્મની અંદર અને બહાર ગાયની મજાક ઉડાવનારા, ગોમાંસ ખાનારા આ ઉર્દૂવુડથી વિરુધ્ધ નાના પાટેકર પોતાની પાંચ શ્વાન, ૧૨ ગાય અને બે બળદની કાળજી લેતા હતા.

તેઓ સારા વાચક પણ હતા. પોતાના ઘરમાં સાંજે તેઓ પુસ્તક અવશ્ય વાંચતા. નાનાના વ્યક્તિત્વ અને અભિનયમાં આટલી શક્તિ હતી તેનાં ચાર કારણો હતાં- નાનપણમાં જોયેલી ગરીબી, સૈનિક જેવી શિસ્ત, વાંચન અને સૌથી મહત્ત્વનું રંગમંચ. નાનાનું એક નાટક પુરુષ (૧૯૮૧) ૧૬ વર્ષ ચાલ્યું, ૧,૮૦૦ શૉ થયા હતા. તેમાં તેઓ ખલનાયક હતા. તેમની ભૂમિકા એટલી શક્તિશાળી હતી કે નાટક વચ્ચે જ મહિલાઓ તેમના પર પગરખાં મારવા લાગતી! તેઓ પગરખાં પાછાં માગવા જતી તો નાના પાછાં આપવાની ના પાડી દેતા. તેમણે પગરખાંને પણ સન્માનના રૂપમાં સાચવ્યાં હતાં.

પગરખાંને પણ સન્માન ગણતા નાના પાટેકરને જોકે અનેક એવૉર્ડ રૂપી સન્માન મળ્યા તે સન્માન આપનારાનું સદભાગ્ય. 'સિને મેં જલન આંખોં મેં તૂફાન સા ક્યોં હૈ, ઈસ શહર મેં હર શખ્સ પરેશાન સા ક્યોં હૈ' ગીતવાળી 'ગમન' (૧૯૭૮)થી તેમણે હિન્દી ફિલ્મોમાં પદાર્પણ કર્યું અને છેલ્લી ફિલ્મ 'સૂબેદાર' (૨૦૨૬)માં તેઓ દેખાયા હતા. ૪૮ વર્ષની સુદીર્ઘ ફિલ્મયાત્રા દરમિયાન તેમને ત્રણ રાષ્ટ્રીય ફિલ્મ પુરસ્કાર, ચાર ફિલ્મફેર, અને ૨૦૧૩માં પદ્મશ્રી એમ એવૉર્ડ મળ્યા.

નાના તેમના ઉત્તરકાળમાં હતા તેવા જ શરૂઆતના જીવનમાં પણ હતા. તેમને સાચા-ખોટાની પરખ હતી અને મિત્રોની તકલીફ વખતે તેમને હેરાન કરવાના બદલે તેમના માટે પોતાને તકલીફમાં મૂકીને સહાય કરવાની ભાવના હતી. 'ઇતની શક્તિ હમેં દેના દાતા' જેવી પ્રખ્યાત પ્રાર્થનાવાળી 'અંકુશ' (૧૯૮૬) ફિલ્મ માટે દિગ્દર્શક એન. ચંદ્રાએ તેમને રૂ. ૧૦,૦૦૦માં સાઇન કર્યા હતા. ત્રણ હજાર રૂપિયા ઍડવાન્સ પેટે મળી ગયા હતા. નાના આ રકમમાંથી સ્કૂટર ખરીદવાની ઇચ્છા ધરાવતા હતા. પણ શૂટિંગ દરમિયાન નિર્માતાના પૈસા પૂરા થઈ ગયા. જોકે નાનાએ કોઈ ત્રાગાં કે ઝઘડો કરવાના બદલે પોતાના મિત્ર એન. ચંદ્રા અને ફિલ્મની વાર્તા પર વિશ્વાસ રાખ્યો. એટલું જ નહીં, પૈસા માટે રાહ જોવાના બદલે પોતે પોતાનું ઘર ગિરવે મૂક્યું! બે લાખ રૂપિયાની વ્યવસ્થા કરી. પરિણામે ફિલ્મનું કામ આગળ વધી શક્યું. ફિલ્મ સફળ રહી. નાના પાટેકરની પણ ઓળખ બની. ફિલ્મની સફળતા પછી એન. ચંદ્રાએ નાનાને તેમનું ઘર છોડાવવામાં મદદ કરી. એટલું જ નહીં, તેમણે એક નવું સ્કૂટર ભેટમાં પણ આપ્યું.

પરંતુ ઉર્દૂવુડ અને દેશભક્ત વિરોધી મીડિયા લૉબીએ (જે ખાન ગૅંગના ગુણગાન ગાવામાંથી ઊંચી નથી આવતી)એ નાનાની છબિ શું બનાવી? નિર્માતાને હેરાન કરનારા, ગુસ્સાવાળાની. એવું નથી કે તેઓ ગુસ્સાવાળા નહોતા. પરંતુ તેમનો ગુસ્સો વાજબી રહેતો.

વિધુ વિનોદ ચોપડાને 'પરિન્દા' સમયે નાનાએ હેરાન કર્યા હતા તેવી વાત આવી હતી પરંતુ તે વાત કોઈ નથી કરતું કે 'પરિન્દા' જેના માટે તેમને રાષ્ટ્રીય ફિલ્મ પુરસ્કાર અને ફિલ્મફેર બંને મળ્યા હતા, તેના માટે તેમણે પોતાનો જીવ જોખમમાં મૂક્યો હતો! 'પરિન્દા'ની પરાકાષ્ઠાના આગના દૃશ્ય માટે તે સમયે કૃત્રિમ આગની વ્યવસ્થા નહોતી. નાનાને વિધુએ આગથી રક્ષણ આપી શકે તેવાં કપડાં પહેરવાનું કહ્યું હતું, પરંતુ નાનાએ કહ્યું કે તેઓ સેફ્ટી ગાર્ડ પહેરશે તો અભિનય કુદરતી નહીં લાગે. આમ છતાં, તેમણે પોતાને થોડાક ઢાંકી લીધા. પરંતુ જ્યારે ફિલ્માંકન શરૂ થયું તો તેઓ આગમાં રીતસર સપડાઈ ગયા. તેમના હાથ અને પગની ત્વચા ઘણી બળી ગઈ. નાણાવટી હૉસ્પિટલમાં દાખલ કરવા પડ્યા. એક વર્ષ સુધી તેમને ફિલ્મોથી દૂર રહેવું પડ્યું.

૧૯૯૯માં કારગિલ યુધ્ધ સમયે નાનાએ ધિકતી ફિલ્મ કારકિર્દી ભૂલીને કારગિલ પર જઈને સૈનિકોની સહાય કરવાનો જોખમી નિર્ણય લીધો. પોતાના નિર્દેશનમાં 'પ્રહાર' બનાવવાની હતી ત્યારે નાનાએ તેમાં સૈન્ય અધિકારીની ભૂમિકા માટે બેલગાંવમાં મરાઠા લાઇટ ઈન્ફન્ટ્રીમાં વિધિસર (ઉર્દૂમાં બાકાયદા કહે છે) સૈન્ય પ્રશિક્ષણ લીધું અને ટેરિટોરિયલ આર્મીમાં કેપ્ટન બનેલા. આના કારણે તત્કાલીન સંરક્ષણ પ્રધાન જ્યૉર્જ ફર્નાન્ડિઝ પાસે જઈ અનુમતિ મેળવીને કારગિલમાં સૈનિકોને મદદ કરી. અંકુશ રેખા પાસે પેટ્રોલિંગ કર્યું, સૈન્ય હૉસ્પિટલોમાં સેવા આપી. આ ગાળામાં તેમનું વજન ૨૦ કિગ્રા ઉતરી ગયું પણ તેમના વ્યક્તિત્વનું વજન વધી ગયું. બીજા કોઈ હોત તો આના આધારે રાજ્યસભામાં પહોંચી ગયા હોત, પણ નાનાને તો ખરી સેવાનો જ ઉદ્દેશ હતો. એટલે જ પાછલી જિંદગીમાં નામ ફાઉન્ડેશન દ્વારા ખેડૂતોને સહાય કરી. ગામડાંઓમાં પાણીની સમસ્યા દૂર કરવામાં મદદ કરી.

એક વાર રસ્તામાં ચાલતી કારે કોઈએ પ્લાસ્ટિકની બૉટલ ફેંકી તો તે બૉટલ ઉઠાવી અને પેલા કારવાળાને રોકીને કહ્યું કે ''ભારતને સ્વચ્છ કોણ રાખશે? નાગરિક તરીકે તારું કોઈ દાયિત્વ નથી? શું હું તારી ગાડીમાં બૉટલ ફેંકું?''

આવો ગુસ્સો પુણ્યપ્રકોપ કહેવાય. પરંતુ સેક્યુલર મીડિયા કે સેક્યુલર લોકો શું જાણે પુણ્યપ્રકોપનો અર્થ? તેમને તો ખોટી-ખોટી વાતે ચીડાઈ જતાં જયા બચ્ચન, રાહુલ ગાંધી, નસરુદ્દીન શાહ, જાવેદ અખ્તર જ સારાં લાગવાના.

મૃત્યુ પછી અંતિમવિધિ માટે પણ તેમનો હટકે સંદેશ વિડિયોમાં ઝિલાયો હતો કે મૃતદેહને બાળવા માટે ૧૨ મણ લાકડાંની આવશ્યકતા પડે છે. મેં આ લાકડી એકઠી કરીને રાખી છે. સૂકાયેલી લાકડી છે. ભીની લાકડીનો ઉપયોગ ન કરતો. તે કરીશ તો તેના ધૂમાડાથી એકઠા થયેલા મિત્રોની આંખમાં પાણી આવશે. તેમને (નાનાને) એવો ભ્રમ ન થવો જોઈએ કે તેમના મિત્રો તેમના માટે રોઈ રહ્યા છે.

આ હતા નાના. ■

jaywant.pandya@gmail.com

વિચાર વલોણું



જયવંત પંડ્યા

લગ્ન પછી પતિનો અવાજ કેમ શરદીમાં ભારે થઇ ગયો હોય એવું લાગે છે?

(૧) સોનુ, ચાંદી, પેટ્રોલ, ખાંડ બધી વસ્તુના ભાવ વધે તો પછી માણસનો ભાવ ક્યારે વધે?, રક્ષિત વોરા ક્ષિતિજ (ગાંધીનગર)

માણસ વસ્તુ બની જાય પછી.

(૨)કોઈ ખોટું રડતું હોય તો એને છાનું રાખવા શું કરવું?

ઉન્નતિ મહેતા (રાજકોટ), એના કરતા મોટેથી ભેંકડો તાણવો.

(૩)આપણે ભૂતકાળમાં થયેલી ભૂલ વર્તમાનમાં સુધારી લીધી હોય એવો કોઈ દાખલો છે?, ધવલભાઈ પાનવાળા રાજકોટ)

હા, ભૂતકાળમાં આપણે ચડવા અને ઉતરવા એક જ દાદર બનાવ્યા હતા. હવે અલગ અલગ દાદર(એસ્કેલેટર) બનાવ્યા છે.

(૪)શ્રાધ્ધમાં અમારા પિતૃ તો એમના છવ્વીસ જેટલા મિત્રોને પણ ખીર ખાવા સાથે લેતા આવ્યા; શું કરવું? , કનુભાઈ પરમાર (દામનગર)

જમણવારનું બિલ એ છવ્વીસ મિત્રોના વારસદારોને મોકલો.

(૫)લગ્ન પછી પતિનો અવાજ કેમ શરદીમાં ભારે થઈ ગયો હોય એવું લાગે છે?, ધોરાજીયા ઘનશ્યામ એન. (સાજણટીબા)

લગ્નમાં જમવામાં ધ્યાન ન રાખ્યું હોય એટલે ખરેખર શરદી થઈ હોય એવું બને.. એમ તો ઘણાં વરરાજાના બાપાનો અવાજ તો સાવ બેસી જાય છે.

(૬)મોબાઈલની બેટરી અને માણસની ધીરજ ખૂટી જાય તો પરિસ્થિતિ શું થાય?

ધોરાજીયા કેવિન ઘનશ્યામ (સાજણટીબા હાલ કેનેડા)

આજુબાજુવાળાનું આવી બને.

હાસ્યાય નમઃ



ડો. પ્રકાશ દવે
૯૫૭૪૩૭૪૪૫૩

(૭)હમણાં દિવાળી આવે છે તો ફટાકડાની જેમ માણસનાં પણ સુરસુરિયા ન થાય એના માટે શું કરવું જોઈએ?

ધોરાજીયા ચંદ્રકાંત એન. (સાજણટીબા)

ફૂટવાના અભરખા ન હોય એના ક્યારેય સુરસુરિયા ન થાય.

(૮)જે માણસ સૌથી વધારે હસતો હોય એને કયો એવોર્ડ આપવો જોઈએ ?

જીગર યાદવ (દાત્રાણા-પાટણ)

'હા હા હી હી' એવોર્ડ!

(૯)નવરાત્રી શરૂ થાય છે. આપણે ટ્રેડિશનલ ડ્રેસ વેચવાનો ધંધો શરૂ કરવો છે ?

રાજુ એન. જોષી ધરાઈ (બાલમુકુંદ)

એ નવ દિવસ ચાલે પછી? મંજીરા વગાડવા?!

(૧૦)પતિના મોટાભાઈને જેઠ કેમ કહેતા હશે?

રમાબેન પટેલ (અમદાવાદ)

જેઠાણીને ખબર.

(૧૧)દાળનો સબડકો તો ધાણાદાળનો?

નીરજા આર.દવે (અમદાવાદ)

ધબડકો.

(૧૨)બટાટાનો ખાવા સિવાયનો કોઈ ઉપયોગ જણાવશો?

નીરવ ડણાંક (અમરેલી)

અગરબત્તી ખોડવા.

(૧૩) મારો મિત્ર મારા મેસેજ વાંચે છે પણ જવાબ નથી આપતો. મને એની બહુ ચિંતા થાય છે. એ મજામાં જ હશેને?, રામભાઈ પટેલ (સુરત)

ઓનલાઈન હોય એ મજામાં જ હોય.

(૧૪)એવી કઈ ચીજ છે જે ગળી ન હોવા છતાં એને ગળી કહેવામાં આવે છે?, શૈલેષ એમ.દવે (અમરેલી)

ડુંગળી.

(૧૫)શ્રાધ્ધમાં કાગડાને જ કેમ વાસ નાંખવામાં આવે છે, કોયલને કેમ નહીં?

યોગેશભાઈ આર. જોશી (હાલોલ જિ.પંચમહાલ)

કોયલ વસંત ઋતુમાં આવે, ભાદરવામાં તો કાગડા જ કામમાં આવે. ■

નોંધ.. આપના હાસ્યરસિક પ્રશ્નો આપના અને ગામનાં નામ સાથે વોટ્સએપ નં. ૯૫૭૪૩૭૪૪૫૩ પર મોકલો..

શાસનના વર્ષો – સંખ્યા અને ગુણવતા

દેશમાં આજે બે છેડાની ચરમ રાજનીતિ ચાલી રહી છે. એક તરફ સત્તામાં શીર્ષ સ્થાને રહેવાનો લાંબા સમયનો રેકોર્ડ એક વ્યક્તિ દ્વારા બની રહ્યો છે. મુખ્યમંત્રી અને પ્રધાનમંત્રી તરીકે લાગલગાટ અઢી દાયકા શાસનમાં રહેવાનો રેકોર્ડ નરેન્દ્ર મોદી સર્જી રહ્યા છે. ૭ ઓક્ટોબર ૨૦૦૧ ગુજરાતના મુખ્યમંત્રી તરીકે શરુ કરીને આજે ૭ ઓક્ટોબર ૨૦૨૬ ભારતના વડાપ્રધાન તરીકેની ત્રીજી ટર્મ દરમિયાન પચ્ચીસ વર્ષ પૂર્ણ થયા છે. હજુ તેમની સફર ચાલુ છે. આજે પચ્ચીસ વર્ષ પૂર્ણ થયાના અવસરે એક ભાષણમાં એમણે ભારત માટે ખુબ લાંબા ગાળાના આયોજનો અંગે ચર્ચા કરી હતી. ૨૦૪૭ સુધીમાં વિકસિત ભારત, દેશમાં ઓલમ્પિકનું આયોજન, અંતરીક્ષમાં ભારતનું સ્પેસ સ્ટેશન, ચંદ્ર પર ભારતીય, મેઈડ ઈન ઈન્ડિયાના મંત્ર દ્વારા ભારતને વિશ્વનું પ્રોડક્શન હબ બનાવવાના સ્વપ્ન દ્વારા દેશને ઉંચાઈઓ પર લઈ જવાનો એમનો નિર્ધાર અવાજમાં આજે પણ એવો જ રણકી રહ્યો છે. આજે પણ એ નવો નારો આપે છે ''વી વિલ ડૂ ઈટ...'' આગળ કહે છે કે જયારે પણ સંકટ આવે છે એ મારા ધૈર્યની પરીક્ષા કરે છે. પોતાના આશાવાદી નિર્ધારો ભારતની જનતાના પુરુષાર્થ દ્વારા ચરિતાર્થ કરવાની એમની કુનેહ દિનપ્રતિદિન નીખરી રહી છે. પોતાના રસ્તામાં આવતા કોઈપણ રાજકીય અવરોધો કે સંઘર્ષોને અવગણીને આગળ વધી જવાની એમની રાજકીય ઇચ્છાશક્તિ આજે પણ એવી જ પ્રબળ જણાઈ રહી છે. દેશદુનિયામાં કોઈએ પણ કલ્પેલા ન હોય એવા નિર્ણયો લઈને અને એ નિર્ણયોને સફળતા પૂર્વક પાર પાડીને દુનિયાને ચોંકાવી દેવાની એમનો સ્વભાવ આજે પણ કાયમ છે. સામાન્ય રાજકારણી જ્યાં વિચારવાનું બંધ કરી દે છે ત્યાંથી એમનો વિચાર શરુ થાય છે એવું રાજકીય ગલીયારામાં ફિલ્મી ઢબે ચર્ચાય પણ છે. કદાચ વિશ્વના કોઈ સમકાલિન નેતાએ પોતાના દેશ માટે ૨૦ વર્ષ આગળનું સ્વપ્ન જોઈએ તેના પર કામ કરવાનું શરુ કર્યું હોય એવું નથી બની રહ્યું.

બીજા ચરમની રાજનીતિ વિપક્ષના છેડે છે. સતત ત્રીજી ટર્મ સુધી સત્તાથી બહાર રહેલો વિપક્ષ સરકાર વિરુધ્ધ મુદ્દાઓ ઉઠાવવામાં સદંતર નિષ્ફળ જઈ રહ્યો છે. દેશનો લોકતાંત્રિક ઢાંચો ભયમાં છે એવું અલોકતાંત્રિક ઢબે કહેવાઈ રહ્યું છે. એકબાજુ લોકતંત્ર ખતરામાં હોવાનો નારો બુલંદ કરીને બીજીબાજુ તુરંત એવું પણ કહેવાય છે કે હવે બધા ફેસલા સંસદમાં નહિ સડક પર થશે. આટલો ચરમ સ્તરનો વાણી વર્તન વિરોધાભાસ ભારતીય રાજનીતિએ ક્યારેય નથી જોયો. જ્યાં જ્યાં તેઓ ચૂંટાય જાય છે ત્યાં ચૂંટણી પ્રક્રિયા સબંધી કોઈ ફરિયાદ નથી હોતી, જેવી ચૂંટણીમાં હાર થાય છે કે તુરંત બધું ખરાબ અને અલોક તાન્ત્રિક થઈ જાય છે. ઈલેક્શન કમિશનને પાર્લામેન્ટ એનેક્સીમાં મળવા હુકમ કરવો આ બાબતનું ઘોતક છે કે તમે લોકતાન્ત્રિક મૂલ્યોમાં કેટલો વિશ્વાસ રાખો છો. નહેરુ પણ સંવૈધાનિક સંસ્થાઓને આવો હુકમ ન કરતા. શિરસ્તો એ રહ્યો છે કે જે કોઈએ પણ સંવૈધાનિક સંસ્થાઓને મળવાનું હોય એ નેતા કે પક્ષ એ સંસ્થાના દરવાજે જાય છે. જે મુદ્દાઓ ખરેખર સરકાર સામે અસરકારક રીતે ઉઠાવી શકાય તેમ છે, એ મુદ્દાઓ છોડીને જે મુદ્દાઓ સપાટી પર સાબિત નથી થઈ રહ્યા, જે મુદ્દાઓ પ્રજા વચ્ચે આમ સ્વીકૃતિ નથી પામી રહ્યા, એવા મુદ્દાઓ લઈને સરકારને ઘેરવાનો નિષ્ફળ પ્રયાસ વિપક્ષ કરી રહ્યો છે. નિષ્ફળ એટલા માટે કે આ બાર વર્ષ દરમિયાન કેન્દ્ર અને પ્રાદેશિક બંને સ્તરે વિપક્ષની સત્તા સતત સંકોચાઈ રહી છે. પ્રજાની નાડ પારખવામાં વિપક્ષ અને ખાસ કરીને રાહુલ ગાંધી જોજનો દૂર છે. બંને નેતાઓની સત્તાનું જાહેરજીવન લગભગ લગભગ સાથે શરુ થયું હતું. સત્તાનું એટલા માટે કે સત્તાના જાહેરજીવન પહેલા નરેન્દ્ર મોદી પાસે પાંત્રીસ વર્ષનું સંગઠનનું જાહેર જીવન હતું. નરેન્દ્ર મોદી સુત્રધાર તરીકે અઢી દાયકામાં એક પણ ચૂંટણી હાર્યા નથી. ચાર મુખ્યમંત્રી તરીકે અને ત્રણ મુખ્યપ્રધાન તરીકેની ચૂંટણીઓમાં ભવ્ય જીત હાંસલ કરેલ છે. રાહુલ ગાંધીના ખાતે આવો કોઈ સફળતાનો રેકોર્ડ આ સમય દરમિયાન નજરે નથી પડતો, ઉલટાનો નિષ્ફળતાની ગણતરીઓ થઈ રહી છે, જે સો ચૂંટણીઓ હારવા સુધી પહોચવા આવ્યો છે એવું રાજકીય ગણતરીઓ રાખતા વિશ્લેષકો કહી રહ્યા છે. પક્ષમાંથી અનુભવી અને નવલોહિયા નેતાઓ કોરાણે થઈ ગયા છે. જેમનામાં મુદ્દાઓ ઉઠાવીને ગૃહ અને સરકારને ધ્રુજાવી નાખવાની તાકાત છે એવા નેતાઓ ઘેર બેસીને રાહુલ ગાંધીના ફ્લોપ શોને સાક્ષીભાવે જોઈ રહ્યા છે. રાહુલ ગાંધી સ્ટેન્ડઅપ કોમેડીયનોને લઈને સ્ટેજ પર સ્તરહીન ભાષા પ્રયોગ અને વર્તણૂક દ્વારા ખાડો ઊંડો ખોદી રહ્યા છે. એકસો ચાલીસ વર્ષ જુના પક્ષના લગભગ સો લોકસભાના સદસ્યો સાથેના નેતા રાહુલ ગાંધીએ કાલે ઉભા થયેલા કોન્ક્રોચ પાર્ટી જેવા ઈન્ટરનેટના સંગઠન સાથે હરીફાઈમાં ઉતરવું પડે એ દયનીય સ્થિતિમાં પક્ષને પહોચાડી દીધો છે. વિદેશમાંથી એક છોકરડો દિલ્હી આવીને સરકારને ઝુકાવીને કેન્દ્રીય મંત્રીનું રાજીનામું પડાવી જાય છે અને ભારતના નમાલા વિપક્ષો હાથ ઘસતા રહી જાય છે. મોડે મોડે જાગીને સડક પર ઉતરે છે, પણ ત્યાં સુધી કારવાં ગુજરી જાય છે. વિપક્ષોના સરકાર સામેના વિરોધમાં બધું છે, પણ એક માત્ર પરિબળ ગેરહાજર છે એ છે.... જનતા.

નરેન્દ્ર મોદી પોતાનું બાર વર્ષનું રીપોર્ટ કાર્ડ લઈને દેશની સમક્ષ આવે છે. અને રીપોર્ટ કાર્ડથી પણ આગળના સપનાઓની ચર્ચા કરે છે. વિપક્ષ દેશને સતત નિરાશ કરી રહ્યો છે. લીડરશીપના ખ્યાલને ભૂલીને મુખીયાગીરીમાં અટવાઈ ગયો છે.

ક્વિક નોટ – સંજય ગાંધી ડમડમ એરપોર્ટ પર ઉતર્યા અને એમણે રીસીવ કરવા સિદ્ધાર્થ રાયને જોયા નહિ. સંજય ગાંધીનો પરિવારવાદ છટપટી ઉઠ્યો... ''શું સિધ

એક રસ્તા, દો રાહી



''તો ?''

''હું તારી પાસે પાલવ પાથરું છું. તને મેળવવા આવી છું.'' ''હવે આ ભગવા ઉતારીને જિંદગીના દોજખમાં પાછું પડવું નથી ધરતી ! તું મને ભૂલી જજે. હવે તું જા, નહિતર હમણાં મારા ગુરૂજી આવશે તો કૈંક જૂદું જ ધારશે એના કરતા બહેતર છે કે...'' પણ એનું વાક્ય પુરું થાય એ પહેલા જ તેના ગુરુ સ્વામિ વિશ્વાનંદજીનો ધીરો, હેતાળવો અને ગંભીર સ્વર સંભળાયો, બેટા આકાશ, ધરતી જે કાંઇ કહે છે તે બરાબર છે. તમારી વાતો મેં સાંભળી છે. ધરતીએ તારી સાથે જે પ્રતારણા આદરી હતી તેનું ફળ તો તેને મળી ચૂક્યું છે. બલ્કે પશ્ચાતાપની પવિત્ર ધારામાં ધોવાઈને તેનું દિલ હવે પવિત્ર, નિર્મળ અને તેજોમય બની ચૂક્યું છે. એ કાચ જેવા કોમળ દિલને હવે પથ્થર બનીને ફોડવાની કોશિશ ના કર ! મન, મોતીને કાચ, એકવાર તૂટે પછી સંધાતા નથી. તારા વગર હવે એ જશે તો પોતાના હૈયામાં દર્દના ઉભરાતા દરિયા લઈને જશે. જેમાં કદાચ એ ડૂબી પણ જાય. અને જે પૂર્વજીવનની ક્ષણોને ઉલ્લેખી છે, તો એના વગર હવે જો તું અહીં રહીશ તો એ ક્ષણોની કપૂર કાચલી એક દિવસ ફૂટી જશે તો તું પણ પાગલ થઇ જઇશ. એના કરતા બહેતર છે કે, તું તારું ઘર વસાવી લે. આ ખંડેરને વળગી રહેવાથી તને ક્યારેય સુખ પ્રાપ્ત નહીં થાય આકાશ.''

''પણ આ સંન્યાસ... આ ભગવા, ગુરુજી....''

''મેં આદેશ કર્યો હતો અને તેં પહેર્યા હતા. બસ, એમ જ આજે આદેશ આપું છું કે એ વસ્ત્રોને ફંગોળીને એકબાજુ નાખી દે એ પણ મારો જ આદેશ છે.''

''ગુરુદેવ.'' આકાશ ગુરુદેવના પગમાં પડી ગયો, ''તમને છોડીને હું ક્યાંય નહીં જાઉં.''

''ના, આકાશ ! અહીં કરતા તારી વધારે જરૂર ત્યાં છે. સુખી થજે અને સમગ્ર સંસારને સુખી કરજે. સંસારમાં રહીને પણ દ્વેષ, અહંકાર, ક્રોધ, મોહ, વાસનાઓ ત્યજીને ઘણું પૂણ્ય કમાઈ શકીશ. મારા શુભ આશિર્વાદ છે.... ''

ધરતી પણ ગુરુદેવને વંદન કરવા નીચે વળી. ગુરુદેવે આશિષ આપ્યા. બંને આંખો ભીની હતી. ગુરુદેવનો કંઠ તરડાયેલો હતો. બંને નીકળ્યા. રસ્તો એક હતો બે હતા રાહી. ■

આ બધી ઘટનાઓ યાદ આવતા અત્યારે પણ આકાશનો સમગ્ર દેહ કંપી ઉઠ્યો અને પાછો હટી ગયો. ધરતી ઊભી થઈ. ડુસકાં ધીરે ધીરે શમતા હતા. આકાશ બોલ્યો : ''ધરતી, ખૂબ સહન કર્યું છે એનો ઈતિહાસ તને નથી કહેતો. પણ કંડક્ટરની નોકરી તો મેં ક્યારનીય છોડી દીધી છે. મારા પૂર્વ જીવન સાથે જ આપણાં ઈતિહાસને વીતી ગયેલી ક્ષણો નીચે મેં ધરબી દીધો છે. આજે હું આકાશ નથી પણ આનંદ છું, સ્વામી આનંદ ! અને હવે હું નથી ઇચ્છતો કે આપણાં પૂર્વ જીવનના કોઈપણ સ્મરણો અત્યારે તું તારા મોઢે લાવે. મારી જિંદગીનો ટ્રેક ફરી ગયો છે. માંડ માંડ સ્થિર થયો છું. બસ, હવે તું ભગવાન શિવજીના દર્શન કરીને ચાલી જા. અને ભવિષ્યમાં મને આવી રીતે મળવાનો પ્રયત્ન કરતી નહીં.''

''પ્લીઝ આકાશ, આપણાં પ્રેમની એ યાદો તારા મોઢેથી સાંભળીને હું તૃપ્ત થઇ જઈશ.''

''આપણો પ્રેમ ?'' આકાશ ખડખડાટ હસી પડ્યો. ''આપણો પ્રેમ તો પાળિયાદ, સરવા, વીંછિયા, જસદણ, આટકોટ અને સરધારની સીમમાં મેં ફાડીને ફેંકી દીધેલાં ટીકીટના વધેલા કાઉન્ટરફોલ સાથે કાળા ઈતિહાસ બનીને અહીં તહીં વેરણ છેરણ બનીને ઉડ્યા કરે છે. એ વાતને હવે તું ભૂલી જા...''

''તોય તારા નસીબમાં એક ટિકીટ સાવ કોરી બચી છે આકાશ ! તારા પ્રેમને ઠોકર મારીને ક્ષિતિજ જેવા પૈસે ટકે ખૂબજ શ્રીમંત સાથે પરણી તો ગઈ. ધન, દોલત, નોકર, ચાકર, ગાડી, બંગલા મને બધું મળ્યુ ! પણ એક સ્ત્રીને જે મળવુ જોઈએ એ એક સ્ત્રી તરીકે, એક પત્નીને મળી ન શક્યું.''

''એટલે ?''

''ક્ષિતિજ એબનોર્મલ હતો આકાશ ! જોકે, મને એ ખૂબ ચાહતો હતો. ખૂબ પ્રેમથી રાખતો હતો પણ બેડરૂમમાંથી રાત્રે નીકળતા અમારા ફળફળતા નિઃશ્વાસ દામ્પત્યજીવનમાં ધીરે ધીરે આભાસ ઊભો કરતા ગયા આકાશ, એક દિવસ તેણે ગદગદીત સ્વરે મને કહ્યું કે મેં તને છેતરી છે. મને ભૂલી જઈ બીજે પરણી જા. પણ મેં માત્ર પતિસુખને ઝાઝું લક્ષ નહોતું આપ્યું. અંતે એણે જંતુનાશક દવા પીને આપઘાત કર્યો અને હું કુંવારી વિધવા બની ગઈ. સાવ વર્જીત આકાશ.''

આકાશના મનમાં વંટોળ ઉઠ્યો.

''પ્લીઝ આકાશ, તારા માટે હું તડપતી રહી. અંતે મને ભૂલ સમજાઈ મને ખબર પડી કે તેં તો સન્યાસ ધારણ કરી લીધો છે એટલે તારી શોધમાં હું હરિદ્વાર, ઋષિકેશ, કન્યાકુમારી, કાશ્મીર, હિમાલય, હેમાદ્રિ, કોલકતા, કર્ણાટક,... મઠ, મંદિરને ગુફા ખોળતી રહી. વૃંદાવનની કુંજગલીઓમાં રાધા બનીને ફરી વળી. મેવાડમાં મીરા બનીને આથડી. પણ તું મને ક્યાંય ન મળ્યો. આપણે છુટા પડ્યા પછી આજે તું મને મળ્યો, હું ય નવા સ્વરૂપે જ છું આકાશ.''

''પણ સમય આપણી વચ્ચે લક્ષ્મણરેખા બનીને પડ્યો છે. એ રેખા હું ન ઓળંગી શકું.''

''પણ મારી વાત સાંભળી લે. પછી હું સદાને માટે ચાલી જઈશ.''

''બોલ.''

''આ જન્મ સંન્યાસી બનીને ઠેરઠેર ભટકીશ, પૂજા અર્ચના, જપતપ, યોગ, સાધના, કે તપશ્ચર્યાને અંતે તું પણ માટીમાં ભળી જઈશ. તારું પુણ્ય પ્રગટશે ભલે, પણ મારી દુઆ મળશે તો એક સતકર્મ કર્યાની તપશ્ચર્યા ઉજાગર થશે અને તારું સમર્પણ અને ત્યાગ પ્રગટી ઉઠશે.''ધરતીની આંખો સજળ હતી.

''તારા અંતરનો બોજ હળવો કરવા માટે મારી પાસે સમય નથી રહ્યો, કે આ પોશાકની પૂજ્યતામાંથી બહાર નીકળવા માટે કોઈપણ પ્રકારનો વિકલ્પ રહ્યો નથી. મેં હમણાંજ તને કહ્યું કે, હું હવે આકાશ નથી. પણ સ્વામી આનંદ છું. એથી મજબૂર છું. પણ એક વાત કરું, તારી કથની સાંભળ્યા પછી લાગે છે કે કોઈ યોગ્ય પુરૂષને શોધી પરણી જા...''

''કોઈ પુરૂષને પરણીને તો હું નહીં ઠરી શકું, કે નહીં તેને ઠારી શકું ! તારા પ્યારની તડપમાં મારા હૈયામાંથી જે ફળફળતા નિઃશ્વાસ નીકળશે એ પેલા પુરૂષનેય દામ્પત્યની આગમાં બાળીને ભસ્મી ભૂત કરી દેશે.''

લઘુનવલકથા



યોગેશ પંડ્યા

આમ બળિયા દેવને વંદન કરી દામલ હવે ધીમે ધીમે મંદિરનાં પગથિયાં ઉતરી નીચે આવ્યો



રાખનાં રમકડાં

ધારાવાહી નવલકથા

અમૃત પરમાર

આમ બળિયા દેવને વંદન કરી દામલ હવે ધીમે ધીમે મંદિરનાં પગથિયાં ઉતરી નીચે આવ્યો. ત્યાં તો સામે જ સુંદર મજાનો બગીચો દેખાયો. થયું કે બગીચામાં થોડીવાર બેસવું. એટલે તે બગીચામાં દાખલ થયો .

સિમેન્ટના એક બાંકડા પર તે બેઠો. ઠંડો ઠંડો પવન આવી રહ્યો હતો. ત્યાં તો...

તેની નજર થોડે જ છેટે ઊભેલી જ્યોતિ પર સ્થિર થઈ. આમ અચાનક જ્યોતિને સામે ઊભેલી જોતાં દામલના ચહેરામાં એકદમ ચમક ઊભરી આવી. એ સાથે તો તે તરત બોલ્યોઃ 'અરે જ્યોતિ... જ્યોતિ..., તું અહીં ? અરે...! તને શું થઈ ગયું છે? જો ને તારા માથાના વાળ... આવા એકદમ સાવ ટૂંકા...? અને આ તારા ચહેરાને તો જો, હું પણ તને માંડ માંડ ઓળખી શક્યો. તારા આટલા રૂપાળા ચહેરાને શું થયું છે...? અને હું શું... આમ આટલી બધી વાંકી કેમ વળી ગઈ છે...?' - દામલ આટલું બધું બોલ્યો. ત્યાં તો જ્યોતિ ગંભીર રીતે ખૂબ ખૂબ હસવા લાગી. પછી ખૂબ ખૂબ રડવા લાગી ને અચાનક જ ગાયબ થઈ ગઈ. આવું થતાં દામલ પણ હીબકે હીબકે ક્યાંય સુધી રડ્યો. ને બે-પાંચ મિનિટ પછી તે માંડ માંડ સ્વસ્થ થયો.

હાથની હથેળીવતી આંખ સાફ કરી ને આંખનું એક મટકું માર્યું ત્યાં તો વળી થોડે દૂર બા ઊભેલાં દેખાયાં. બાને જોતાંની સાથે જ દામલ ઉતાવળે બોલ્યોઃ 'બા... એ બા...! તમે ત્યાં કેમ ઊભાં છો ? જુઓ... હું તમારો દામો...! તમે તો મને એકલો નોધારો મૂકીને ચાલ્યાં ગયાં છો ને ? બા... આ દુનિયામાં તમારાં સિવાય મારું કોણ હતું ? મારું કોઈ નથી બા...! મારું કોઈ નથી...' આમ બોલી વળી દામલ રડવા લાગ્યો. ત્યાં તો બા ગંભીર થઈને બોલ્યાં:

'દીકરા..., તને આજે જ ખબર પડી કે આ દુનિયામાં તારું કોઈ નથી ? પરંતુ સત્ય એ છે કે, આ દુનિયામાં ફક્ત તારું નહીં, પરંતુ કોઈ કોઈનું નથી. આને જ દુનિયા કહેવાય, બેટા...! તો પણ આ માનવજાત ક્ષણિક સુખની લાલસામાં, શરીર સુખ ભોગવવા માટે જીવનભરનું દુઃખ વહોરી લે છે. દુનિયા આવી છે અને આવી જ રહેવાની છે, સમજ્યો ?' બાના આવા કહેણ સાંભળી દામલે તેની આંખો બંધ કરી દીધી.

બીજી જ સેકન્ડે તેણે વળી તેની આંખો ખોલી જોયું તો બા... ગાયબ થઈ ગયાં હતાં. આ બધું શું ? વળી દામલ રડ્યો, ખૂબ ખૂબ રડ્યો. થોડીવાર પછી સ્વસ્થ થતાં બાંકડા પરથી તે ઊભો થયો અને બગીચામાંથી બહાર નીકળવાનો રસ્તો શોધવા લાગ્યો. ચક્કર ચક્કર ફર્યો પણ બગીચાનો દરવાજો તેને ન મળ્યો. હવે શું કરવું ? એ રડવા જેવો થઈ ગયો. ને પછી...

તેણે તેનું માથું ઊંચું કર્યું ત્યાં તો તેની સામે બે હાથ જોડીને ઊભેલી શાંતુ દેખાઈ. ત્યારે શાંતુની આંખમાંથી આંસુ વહી જતાં દામલે જોયાં. એટલે તરત જ પૂછ્યુંઃ 'અરે શાંતુ... તું કેમ રડે છે ? રડ મા...' ત્યાં તો શાંતુએ વધારે રડતાં રડતાં, હીબકાં ભરતાં ભરતાં ધ્રૂજતા અવાજે કહ્યુંઃ 'તું મારો ધણી છે, દામલ...! મારો પતિ તું છે. તારા નામનું મંગળસૂત્ર મેં પહેર્યું છે. શું તારી ફરજ નથી કે..., તું મને એક બાળક પણ ન આપી શકે...? હવે તો મને એક બાળક આપ...'' શાંતુના આવા શબ્દો સાંભળતાંની સાથે જ દામલે જોરથી ત્રાડ પાડીઃ 'શાંતુ...! શાંતુ...!! શાંતુ...!!!'

મોડી રાતની નીરવ શાંતિમાં દામલની આવી ગભરાટ ભરી ચીસથી બાજુમાં સુતેલી શાંતુ ઝબકીને જાગી ગઈ. તે પણ આવું થતાં ગભરાયેલી હતી. છતાંપણ તેણે તેનો એક હાથ ઠંડાગાર દામલની છાતી પર રાખતાં કહ્યુંઃ ''કેમ... શું થયું દામલ? આમ શાંતુ... શાંતુની બૂમો કેમ પાડે છે... ?''

શાંતુના હાથના સ્પર્શ થકી દામલ ઊંઘમાંથી સફાળો જાગી ગયો. આંખો ખોલતાં જોયું તો પડખામાં શાંતુ હતી. પોતાના લીધે આજે આવું થતાં તેને ખૂબ અફસોસ થયો, પણ શું કરવું ? શાંતુ તો તેની સામે જ તાકી રહી હતી. એટલે દામલે બચાવની ખોખલી ક્રિયા કરતાં કહ્યુંઃ ''શીતુ..., અત્યારના સપનાએ તો ભારે કરી. સપનામાં તું મારી પાસે હાથ જોડી કરગરતા કશું માગી રહી હતી. પરંતુ તું શું માગી રહી હતી... તેનો મને ખ્યાલ આવે તે પહેલાં તો... જોઈને તે મને જગાડી દીધો...''

''કંઈ વાંધો નહીં. ક્યારેક સપનામાં આવું બધું થતું હોય છે. ચિંતા નહીં કરવાની. જો હજી રાતના સાડા ત્રણ થયા છે. એટલે સપનાં વિશે વધુ વિચાર્યા વગર ફરીથી ભગવાનનું સ્મરણ કરી શાંતિથી ઊંઘી જા...'' શાંતુએ મમતાથી કહ્યું. (ક્રમશઃ) ■

અરૂપ રત્નો પામવા માટે રૂપના સાગરમાં ડૂબકી....!



સમરંગ

દિલીપ ભટ્ટાચાર્ય

અનેક લોકો અત્યારે સુખ લેવાનો મોકો જતો કરીને એમ માને છે કે બસ આટલું કામ કરી લઉં પછી હાશ નિરાતેથી જિંદગીની મોજ મોજ માણીશું. મોટે ભાગે આ લોકો પર જુની પેઢીના સંસ્કારો સવાર છે. આવું જે લોકો વિચારે છે તેઓ મોજથી બહુ દૂર રહી જાય છે. એવી મોજ કદી એમને મળતી નથી. કારણ કે સુખ શેરડીના સાંઠા જેવું છે. એ કંઈ એક સાથે ગળી ન શકાય. એની નાની નાની ગંડેરી બનાવવી પડે. બચત જેવું છે. ટીપાં અને સરોવરનો સંબંધ છે અથવા કાંકરા અને પાળ જેવું છે. એકસાથે તો કંઈ થતું નથી. સમય પણ ક્ષણક્ષણમાં રચાયેલો છે.

પ્રતિક્ષણનું સુખ એ જ ખરું સુખ છે. ક્યારેક તહેવારોમાં ઊંચી મનોકામનાઓનું કપોતકળાએ સેવન કરે છે.

પણ પછીથી એવી ગડમથળમાં પડી જાય છે કે તેઓ ભૂલી જ જાય છે કે તેમના હૃદયનું પરિપોષણ આનંદથી જ થાય છે. એ આનંદ કોઈને પિયાનો વગાડવામાંથી મળે તો કોઈને દયનીય બાળકોને ભોજન કરાવવામાંથી મળે. કે પરમાર્થમાંથી આનંદ મળે પણ સ્વાર્થમાંથીય આનંદ મળે. સંતો ભલે એને તામસિક કહે. લોભીને એક પાઈ કે એક કરોડમાંથી આનંદ તો સરખો જ મળે. જેમ મહાન અભિનેતાને જેટલો આનંદ રાજા તરીકેનો અભિનય કરવામાં મળે, એટલો જ આનંદ રંક હોવાનો અભિનય કરવામાં મળે.

આત્માને આનંદની તરસ હોય છે. તપસ્વી વિશ્વામિત્ર કે જેમણે ગાયત્રી મંત્રની રચના કરી જે વાસ્તવમાં એક મહાન સૂર્યસ્તુતિ છે અને ગાયત્રી તો છંદનું નામ છે, એ અને એવી અનેક ઉપાસનાઓ કર્યા પછી અને મહાન ધનુર્વિદ્યા આત્મસાત કર્યા પછી પણ એમની આનંદ માટેની તરસ અધૂરી રહી. અધૂરી તરસ સમસ્યા સર્જે છે. તપશ્ચર્યામાં વિશ્વામિત્ર ઈન્દ્રનું આસન ડોલાવવા લાગ્યા તોય તેઓ સ્વયં પરિતૃપ્ત ન હતા. એટલે આનંદની શોધ તો ભીતર ચાલુ જ રહી. પરિણામ એ આવ્યું કે અધૂરી સાત્વિક તરસની પરિપૂર્તિ કરવા તેઓ અપ્સરા મેનકા તરફ તણાયા, નિઃસહાય રીતે એમના હૃદયરંગ એ તરફ વહેવા લાગ્યા. આ ઘટનાને શાસ્ત્રોએ ઋષિના તપોભંગ તરીકે વર્ણવી છે.

મેનકા અતિ સુંદર તો હતી જ પરંતુ વિશ્વામિત્રની આંખે તો એ હતી એથીય સુંદર લાગતી હતી. વિશ્વામિત્રના પ્રણયને જ જાણે કે ન્યાય આપતા હોય એમ કવિવર ટાગોરે લખ્યું છે કે અરૂપ રત્નો પામવા માટે હું રૂપના સાગરમાં ડૂબકી મારું છું.

વિશ્વામિત્ર અસામાન્ય પ્રતિભાના માલિક હતા. મેનકા મિલન પછી પણ દેવોની સભામાં તેમની પ્રતિષ્ઠા રજમાત્ર ઓછી થઈ ન હતી.

અયોધ્યાના રામરાજ્યનું નિર્માણ કરનારા બે ઋષિઓ હતા. વશિષ્ઠ અને વિશ્વામિત્ર. એમાં વશિષ્ઠ અવિચલિત ચરિત્ર ધરાવતા હતા. વિશ્વામિત્ર પણ હતા તો એવા જ, છતાં આનંદના ભ્રમમાં તેઓ સરી પડ્યા. એટલે કે માત્ર આનંદ એ જીવનનો ઉપક્રમ નથી, એમાં પરિતોષ પણ હોવો જોઈએ. વિશ્વામિત્ર તપ અને ધ્યાનમાં તો સાક્ષાત આનંદમૂર્તિ જ બની જતા હતા પરંતુ એનાથી એમને અસંતોષ હતો. એ અસંતોષે જ એમને રાજર્ષિમાંથી બ્રહ્મર્ષિ બનતા અટકાવ્યા.

સંતોષ તો સ્વયં આનંદનું રૂપ છે. સંતોષ એક પૂર્ણ વિરામ છે, પરિપૂર્ણતા છે. ત્યાં જે અંત આવે છે તે રઝળપાટનો છે. મનને ભટકવું ગમે છે તેની અમોઘ ઔષધિ સંતોષ છે. પૃથ્વી પર પ્રાપ્તિના વિકલ્પોનો કોઈ અંત નથી અને અંત છે તે અંતઃકરણનો સંતોષ છે. રાજાઓના જમાનામાં એક સોનામહોરથી સંતોષ પામનારા વિદુર જેવા વિદ્વાનો હતા અને લાખો સોનામહોરથીય જેમની ધનભૂખ ભાંગતી ન હતી તેવા રાજનીતિજ્ઞો પણ હતા. ધનભૂખ જિંદગીની સર્વ નિરાતને હણી લે છે અને એ વધુ ને વધુ પ્રજ્વલિત થઈ જાતકને અનેક ઉત્પાત કરાવે છે. સંતોષ કોઈ કળા નથી, એક સંસ્કાર છે. ઉછેરની પરંપરામાં જો એ સમાવિષ્ટ હોય તો જ ઘરની નવી પેઢીમાં જોવા મળે છે.

આપણે ગુજરાતીઓ છીએ એટલે આપણા ઘરમાં જેટલી વાત લક્ષ્મીલાલસાની હોય એટલી સંતોષની ન હોય. પણ સંતોષના સંસ્કાર દાખલ કરવા રહ્યા. એના વિના સંતાનોને જિંદગીની અસલ મહેંક નહિ મળે. આ જગતમાં એવા અનેક લોકો છે જેમના મૃત્યુ પછી લોકો છાને ખૂણે વાત કરતા હોય છે કે બહુ ભેગું કરીને ગયા. થોડુંક સુખ લીધું હોત તો સારું થાત. હવે પાછળ બધાને જલસા. આ પ્રકારના લોક અભિગમમાંથી શીખવાનું એ છે કે જિંદગીને ઢસરડા જેવી ન બનાવો. આ જીવન કંઈ ધન સંપાદન ઝુંબેશ નથી. સુખ લેશો તો સુખ આપતા શીખશો. ■

.આ પૂર્તિમાં રજૂ થયેલા વિચારો જે-તે લેખકોના પોતાના છે. સંજોગ ઈન્ડિયા ન્યૂઝ પ્રા. લિ. તેની સાથે સહમત હોય તે જરૂરી નથી. ●

સ્વ.વિરજીભાઈ ઠુંમરને અગ્રણીઓએ શ્રધ્ધાંજલિ અર્પણ કરી

અમરેલી,તા.૧૦







અમરેલીના પૂર્વ સાંસદ અને ધારાસભ્ય વિરજીભાઈ ઠુંમરને રાજયભરના નેતાઓએ અમરેલી આવી ઠુંમર પરિવારને સાંત્વના પાઠવી હતી.જેમાં પૂર્વ મુખ્યમંત્રી શંકરસિંહ વાઘેલા, ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રમુખ અમિતભાઈ ચાવડા, નેતા વિપક્ષ તુષારભાઈ ચૌધરી, પરેશભાઈ ધાનાણી, અમરેલી જિલ્લા કોંગ્રેસ સમિતિના પ્રમુખ પ્રતાપભાઈ દુધાત, અમરેલી જિલ્લા પોલીસ વડા સંજય ખરાત, પૂર્વ આઈપીએસ કુલદીપ શર્મા, રામભાઈ મોકરીયા, અમીબેન યાજ્ઞિક, ગોવિંદભાઈ પટેલ ડોલરભાઈ કોટેચા,આમ આદમી પાર્ટીના પ્રદેશના પ્રમુખ ઈશુદાન ભાઈ ગઢવી,અમરેલીના પૂર્વ કલેકટર સંજયભાઈ અમરાણી,એઆઈસીસી ના જનરલ સેક્રેટરી લાલજીભાઈ દેસાઈ, બાવકુભાઈ ઊંઘાડ, ભાવનગર ખોડલધામ અધ્યક્ષ રમેશભાઈ મેંદપરા, રાજુભાઈ રીબડીયા, નલીનભાઈ કોટડીયા, બિમલભાઈ શાહ, હર્ષદભાઈ રીબડીયા, ભચુભાઈ અરેઠિયા, લલીતભાઈ કગથરા, કનુભાઈ બારૈયા, હીરાભાઈ જોટવા,ધારાસભ્ય જે.વી. કાકડીયા, સુરેશભાઈ ગીડા, કાંતિભાઈ સતાસિયા, નિકુંજભાઈ સાવલિયા, બાબુભાઈ વાજા, અમદાવાદ જિલ્લા કોંગ્રેસ સમિતિના પ્રમુખ રાજેશભાઈ ગોહિલ, રાજકોટ જિલ્લા કોંગ્રેસ સમિતિના પ્રમુખ હિતેશભાઈ વોરા, સુરેન્દ્રનગર જિલ્લા કોંગ્રેસ સમિતિ પ્રમુખ નૌશાદભાઈ સોલંકી, ગુજરાત કોંગ્રેસ માલધારી સેલના પ્રમુખ અમિતભાઈ લવતુકા, વિજયભાઈ બારૈયા, બાબુભાઈ વાજા, ભાવનગર જિલ્લા કોંગ્રેસ સમિતિના પ્રમુખ પ્રવીણભાઈ રાઠોડ, ગુજરાત કોંગ્રેસ ના એસ. સી સેલના ચેરમેન હિતેન્દ્રભાઈ પીઠડીયા, માનસિંગભાઈ ડોડીયા, જામનગર જિલ્લા કોંગ્રેસ સમિતિના પ્રમુખ મનોજભાઈ કથીરિયા, જુનાગઢ જિલ્લા કોંગ્રેસ સમિતિના પ્રમુખ અમિતભાઈ પટેલ, જુનાગઢ શહેર કોંગ્રેસના પ્રમુખ મનોજભાઈ જોશી, લાખાભાઈ રબારી, બોટાદ જિલ્લા કોંગ્રેસ સમિતિ પ્રમુખ હિંમતભાઈ કટારીયા,મિતુલભાઈ દોંગા, જીતુભાઈ વસોયા ,વજુભાઈ ગોલ , જસવંતસિંહ ભટ્ટી, હરિભાઈ કણસાગરા, લલીતભાઈ વસોયા, અમરેલી બિલ્ડર એસોસિયેશન ના આગેવાન તેમજ હોદેદારો, જે.પી સોજીત્રા, ઠાકરશીભાઈ મેતલીયા, રાજકોટ જિલ્લા કોંગ્રેસ સમિતિ પ્રમુખ હિતેશભાઈ વોરા, સંજયભાઈ વણઝારા, અમરેલી ચેમ્બર ઓફ કોમર્સના હોદેદારો, જયંતીભાઈ પાનસુરીયા,પ્રવિણભાઈ મુછડીયા, મુનીર બાપુ, શૈલેષભાઈ સંઘાણી, હરિભાઈ ભરવાડ બાવળા, મોહનભાઈ વાળા, સુરેશભાઈ બથવાર, અવસરભાઈ નાકિયા, જેઠાભાઈ સોલંકી, પ્રવિણસિંહ ઝાલા, કોડીનાર તાલુકા કોંગ્રેસ પ્રમુખ પીન્ટુભાઈ બારડ, ગાયત્રી પરિવાર સંત ડો.રતિદાદા સહિતનાઓએ સ્વ.વિરજીભાઈ ઠુંમરને શ્રધ્ધાસુમન અર્પણ કર્યા હતા.

વેરાવળના મોરજ ગામે સેવા સેતુ કાર્યક્રમ યોજાયો

ઉના,તા.૧૦



ગીર સોમનાથ જિલ્લાના વેરાવળ તાલુકાના મોરજ ગામે સેવા સેતુ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. વડાપ્રધાન નરેન્દ્ર મોદીના સુશાસનના સંકલ્પ અને મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વ હેઠળ પ્રજાલક્ષી વહીવટને વધુ સરળ બનાવવાના હેતુથી કાર્યક્રમ યોજાયો હતો. આ પ્રસંગે સરકારી અધિકારીઓ, સંગઠનના હોદેદારો, સ્થાનિક આગેવાનો, અરજદારો અને ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમમાં નાગરિકોની સરકારી યોજનાઓને લગતી અરજીઓનો સ્થળ પર જ ઝડપી અને પારદર્શક રીતે નિકાલ કરવામાં આવ્યો હતો.

૨૪ કલાકમાં સીજેપીના સભ્યોને મુક્ત નહીં કરાય તો ભૂખહડતાળ પર ઉતરીશ: સોનમ વાંગચુક

નવી દિલ્હી, તા.૧૦



સોનમ વાંગચુકે દિલ્હીમાં કોકરોચ જનતા પાર્ટીના વિરોધ પ્રદર્શનને મંજૂરી નહીં આપવા અને અભિજીત દીપક સહિત અનેક લોકોની અટકાયત કરવા સામે નારાજગી વ્યક્ત કરી છે. તેમણે ચેતવણી આપી છે કે આગામી ૨૪ કલાકમાં અટકાયત કરાયેલા લોકોને મુક્ત નહીં કરવામાં આવે તો તેઓ ભૂખ હડતાળ સહિતના શાંતિપૂર્ણ વિરોધનો માર્ગ અપનાવી શકે છે.

વાંગચુકે જણાવ્યું કે વિદ્યાર્થી નેતાઓ, પત્રકારો અને વકીલોની મોટી સંખ્યામાં અટકાયત કરવામાં આવી છે. તેમણે સરકારને તમામ લોકોને મુક્ત કરવાની અપીલ કરી હતી. તેમના મતે, લોકશાહીમાં શાંતિપૂર્ણ વિરોધ કરવાની છૂટ મળવી જોઈએ. તેમણે દેશભરમાં અઘોષિત કટોકટી જેવી સ્થિતિ હોવાનો આક્ષેપ પણ કર્યો હતો.

લદ્દાખમાં દાયકાઓથી પર્યાવરણ સંરક્ષણ માટે કાર્યરત વાંગચુકે કહ્યું કે જો સરકાર અટકાયત કરાયેલા લોકોને મુક્ત નહીં કરે તો તેમને વિરોધ કરવાની ફરજ પડશે. તેમણે દિલ્હી અથવા લદ્દાખમાં ધરણાં, ફૂચ કે ભૂખ હડતાળ કરવાનું વિચારવાની વાત કરી હતી. જોકે, તેમણે આશા વ્યક્ત કરી હતી કે સરકાર યોગ્ય કાર્યવાહી કરશે અને આવા વિરોધની જરૂર નહીં પડે.

ધોરાજી નગરપાલિકાના રોડ કામોમાં ભ્રષ્ટાચારના આક્ષેપ, વકીલ મંડળનું આવેદન

ધોરાજી,તા.૧૦

ધોરાજી નગરપાલિકા દ્વારા શહેરમાં ચાલી રહેલા રોડ-રસ્તાના કામોમાં મોટા પાયે ભ્રષ્ટાચાર થતો હોવાના આક્ષેપ સાથે ધોરાજી વકીલ મંડળ દ્વારા મુખ્યમંત્રી સહિત સંબંધિત અધિકારીઓને આવેદનપત્ર પાઠવાયું છે. આવેદનમાં સ્ટેશન રોડ, રાયાનો ચોક, ખરાવાડ પ્લોટ સહિતના વિસ્તારોમાં ચાલી રહેલા સી.સી. રોડના કામમાં જૂની અને મજબૂત મેટલ ઉખેડી કોન્ટ્રાક્ટરો દ્વારા નિયમ વિરુધ્ધ વેચી નાખાતી હોવાનો આક્ષેપ કરાયો છે. વકીલ મંડળે જૂની મેટલને યોગ્ય રીતે દબાવી તેના ઉપર રોડ બનાવવાની માંગ કરી છે. સાથે રોડ કામની દેખરેખ અને ગુણવત્તાની ચકાસણી કરવા નગરપાલિકાને રજૂઆત કરી છે. યોગ્ય કાર્યવાહી નહીં થાય તો જવાબદારો વિરુધ્ધ કોર્ટમાં ફરિયાદ-દાવા કરવાની ચીમકી પણ આપવામાં આવી છે.

ટ્રમ્પનો યુ-ટર્ન: રશિયા પાસેથી ડીઝલ ખરીદવાના નિર્ણયથી ઝેલેન્સ્કી નારાજ

વોશિંગ્ટન, તા. ૧૦



અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે રશિયા પાસેથી ડીઝલ ખરીદવાના સોદાની જાહેરાત કરતાં યુક્રેનના રાષ્ટ્રપતિ વોલોડીમીર ઝેલેન્સ્કીએ નારાજગી વ્યક્ત કરી છે. ટ્રમ્પે રશિયન રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુતિન સાથેની વાતચીત બાદ આ નિર્ણય જાહેર કર્યો હતો. કરાર મુજબ રશિયા તાત્કાલિક ૩ લાખ ટનથી વધુ ડીઝલ સપ્લાય કરશે. નવેમ્બરમાં વધારાના ૫ લાખ ટન અને ત્યારબાદ ૧૦ લાખ ટન ડીઝલ સપ્લાય કરવાની પણ જાહેરાત કરવામાં આવી છે. અમેરિકાએ એપ્રિલ ૨૦૨૭ સુધી રશિયન ડીઝલના પુરવઠા માટે પ્રતિબંધોમાં કામચલાઉ છૂટ આપી છે. અમેરિકામાં પેટ્રોલ અને ડીઝલના વધતા ભાવ વચ્ચે આ નિર્ણય લેવાયો છે. ઝેલેન્સ્કીએ તેને અન્યાયી અને નબળો નિર્ણય ગણાવ્યો હતો. રશિયા-યુક્રેન યુધ્ધ બાદ લાદવામાં આવેલા પ્રતિબંધો વચ્ચે આ પગલાને અમેરિકાની રશિયા પ્રત્યેની નીતિમાં ફેરફાર તરીકે જોવામાં આવી રહ્યો છે.

પનામામાં ૭.૭ની તીવ્રતાનો ભૂકંપ આવતા સુનામીની ચેતવણી અપાઈ

હેરેરા, તા. ૧૦



પનામામાં ૭.૭ની તીવ્રતાનો શક્તિશાળી ભૂકંપ આવ્યો હતો. ત્યારબાદ ૬.૬ની તીવ્રતાનો બીજો આંચકો અને ૪પથી વધુ આફ્ટરશોક્સ નોંધાયા હતા. ભૂકંપથી લોકોમાં ગભરાટ ફેલાયો હતો અને લોકો ઘરોમાંથી બહાર દોડી આવ્યા હતા. શરૂઆતમાં સુનામીની ચેતવણી જારી કરાઈ હતી, જે બાદમાં પાછી ખેંચી લેવામાં આવી હતી. ભૂકંપથી વેરાગુઆસ, હેરેરા અને લોસ સાન્તોસ પ્રાંતોમાં ઈમારતોને નુકસાન થયું હતું અને રસ્તાઓમાં ઊંડી તિરાડો પડી હતી. લોસ સાન્તોસમાં ઐતિહાસિક સાન અટાનાસિયો ચર્ચ ધરાશાયી થયું હતું. પનામાના રાષ્ટ્રપતિ જોસ રાઉલ મુલિનોએ જણાવ્યું હતું કે જાનહાનિ અંગે કોઈ સત્તાવાર માહિતી મળી નથી. અસરગ્રસ્ત વિસ્તારોમાં નુકસાનનું મૂલ્યાંકન હાથ ધરાયું છે. રાજધાની પનામા સિટીમાં નુકસાન નોંધાયું ન હતું.

કોડીનારમાં લોક દરબાર યોજાયો, ૧૧થી ૧૨ અરજીઓ મળતા તાત્કાલિક કાર્યવાહી શરૂ

કોડીનાર,તા.૧૦



ગીર સોમનાથ જિલ્લામાં વ્યાજખોરોના ત્રાસ સામે પોલીસે ખાસ અભિયાન શરૂ કર્યું છે. કોડીનાર પોલીસ સ્ટેશન ખાતે યોજાયેલા લોક દરબારમાં પીડિતોએ પોતાની ફરિયાદો રજૂ કરી હતી. પોલીસને અંદાજે ૧૧થી ૧૨ અરજીઓ મળી હતી. જેમાંથી ચકાસણી બાદ ૪થી ૫ કેસમાં તાત્કાલિક કાર્યવાહી શરૂ કરાઈ હોવાનું જાણવા મળ્યું છે. પોલીસે વ્યાજખોરી અંગે ફરિયાદ કેવી રીતે કરવી અને કાર્યવાહી અંગે અરજદારોને માર્ગદર્શન આપ્યું હતું. પોલીસના જણાવ્યા મુજબ વ્યાજખોરો દ્વારા મિલકત પડાવી લેવાના કિસ્સાઓમાં કાયદેસરની કાર્યવાહી સાથે સંપત્તિ પરત અપાવવામાં મદદ કરાશે.

કોડીનારની મ્યુનિસિપલ ગર્લ્સ હાઈસ્કૂલની દીકરીઓએ ગરબા સ્પર્ધામાં પ્રથમ સ્થાન મેળવ્યું

કોડીનાર,તા.૧૦



કોડીનારની નગરપાલિકા સંચાલિત મ્યુનિસિપલ ગર્લ્સ હાઈસ્કૂલની વિદ્યાર્થિનીઓએ ગીર સોમનાથ જિલ્લા યુવા અને સાંસ્કૃતિક કચેરી દ્વારા આયોજિત નવરાત્રી ગરબા સ્પર્ધા-૨૦૨૬માં પ્રથમ સ્થાન મેળવ્યું હતું.

પ્રાચીન ગુજરાતી ગરબાની સુંદર રજૂઆતથી નિર્ણાયકોને પ્રભાવિત કર્યા હતા. આ સફળતા બદલ આચાર્ય નિમુબેન ચાવડા, શાળા પરિવાર અને વાલીઓએ અભિનંદન પાઠવ્યા હતા. માર્ગદર્શક શિક્ષક ભારતીબેન દેવમુરારીનો પણ આભાર વ્યક્ત કરવામાં આવ્યો હતો.

જૂનાગઢની ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટીમાં ૭ નવાં ભવનોનું ભૂમિપૂજન

ઉના,તા.૧૦



જૂનાગઢ સ્થિત ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી ખાતે વાઈલ્ડલાઈફ કન્ઝર્વેશન સેન્ટર અને સાત નવાં શૈક્ષણિક તથા વહીવટી ભવનોના નિર્માણકાર્યનું ભૂમિપૂજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે રાજ્યસભાના સાંસદ માનસિંહ પરમાર, જૂનાગઢના સાંસદ રાજેશ ચુડાસમા, યુનિવર્સિટીના કુલપતિ પ્રતાપસિંહ ચૌહાણ અને જૂનાગઢ રેન્જના આઈ.જી. રાજેન્દ્રસિંહ ચુડાસમા સહિતના મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા. ગીરના એશિયાટિક સિંહો અને સમૃધ્ધ જૈવવિવિધતાના સંરક્ષણ માટે આ સેન્ટર સંશોધનને પ્રોત્સાહન આપશે. સાથે જ નવાં ભવનો વિદ્યાર્થીઓ માટે ઉચ્ચ શિક્ષણ અને સંશોધનની નવી તકો ઊભી કરશે. પ્રકૃતિના અમૂલ્ય વારસાનું જતન કરીને આવનારી પેઢીને પર્યાવરણ સંરક્ષણ માટે પ્રેરિત કરવાના હેતુથી આ પહેલને મહત્વપૂર્ણ ગણાવવામાં આવી હતી.

ઉનાના દેલવાડામાં નેત્ર નિદાન કેમ્પ યોજાયો, ૮૦ દર્દીઓની તપાસ કરાઈ

ઉના,તા.૧૦



૪૦થી વધુ દર્દીઓએ સેવાનો લાભ લીધો, જરૂરીયાતમંદોને દવા અપાઈ

ઉનાના દેલવાડા ખાતે કુબાવત ચેરિટેબલ ટ્રસ્ટ દ્વારા નિઃશુલ્ક આરોગ્ય કેમ્પ યોજાયો હતો. કેમ્પમાં ૮૦થી વધુ લોકોની આંખોની તપાસ કરવામાં આવી હતી, જેમાંથી ૨૦થી વધુ દર્દીઓને મોતીયાબિંદના ઓપરેશન માટે પસંદ કરાયા હતા. આ દર્દીઓને રાજકોટની રણછોડદાસજી હોસ્પિટલમાં લઈ જવામાં આવશે. તેમના આવવા-જવાની વ્યવસ્થા ટ્રસ્ટ દ્વારા કરવામાં આવશે. આ ઉપરાંત ઉનાનાં ડૉ. ધ્વની ભુપતાણીએ ચામડી અને વાળના રોગોનું નિદાન કરી જરૂરિયાતમંદોને નિઃશુલ્ક દવાઓ આપી હતી. ૪૦થી વધુ દર્દીઓએ આ સેવાનો લાભ લીધો હતો. ટ્રસ્ટ દ્વારા દર મહિને આવા કેમ્પ યોજી જરૂરિયાતમંદોને આરોગ્ય સેવા પૂરી પાડવામાં આવે છે.

અમદાવાદમાં નકલી સિગારેટનું નેટવર્ક ઝડપાયું, રૂ. ૮.૬૨ લાખનો જથ્થો જપ્ત

અમદાવાદ, તા. ૧૦



અમદાવાદમાં નકલી સિગારેટના વેચાણ સામે એસઓજીએ કાર્યવાહી કરીને મણિનગર અને કાલુપુરની બે દુકાનોમાંથી કુલ ૬,૯૦૦ પેકેટ જપ્ત કર્યા છે. જપ્ત કરાયેલા જથ્થાની કિંમત રૂ. ૮.૬૨ લાખ આંકવામાં આવી છે. આ કેસમાં ૬૬ વર્ષીય દુકાનદાર શોભરાજ જેથાનંદ કેવલાણીની ધરપકડ કરાઈ છે, જ્યારે સપ્લાયરની શોધખોળ ચાલુ છે.મણિનગરના સિંધી માર્કેટમાં આવેલી મહેશ જનરલ સ્ટોર્સમાં ૯ ઓક્ટોબરે દરોડા દરમિયાન ૩,૫૫૦ પેકેટ મળી આવ્યા હતા, જેની કિંમત રૂ. ૪.૪૩ લાખ છે. પૂછપરછના આધારે કાલુપુરના પાન માર્કેટમાં આવેલી દેવ ટ્રેડર્સમાંથી વધુ ૩,૩૫૦ પેકેટ, કિંમત રૂ. ૪.૧૮ લાખ, જપ્ત કરાયા હતા.

કંપનીના પ્રતિનિધિએ પ્રોડક્ટની અધિકૃતતા અંગે શંકા વ્યક્ત કરી હતી. પોલીસના જણાવ્યા મુજબ, દુકાનદારે નિકુંજભાઈ નામના વ્યક્તિ પાસેથી વોટ્સએપ દ્વારા ઓર્ડર આપ્યો હતો. પોલીસે સંબંધિત કાયદા હેઠળ ગુનો નોંધી સપ્લાયરની ઓળખ અને નેટવર્ક અંગે તપાસ હાથ ધરી છે.

રાજકોટમાં સખી મંડળો દ્વારા સંચાલિત ૧૩૬ ગ્રામહાટનું સીએમ ભૂપેન્દ્ર પટેલના હસ્તે લોકાર્પણ

રાજકોટ,તા.૧૦



રાજકોટ ખાતે સખી મંડળો દ્વારા સંચાલિત ૧૩૬ ગ્રામહાટનું મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના હસ્તે લોકાર્પણ કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે તેમણે બહેનોને નવરાત્રીની શુભેચ્છા પાઠવી હતી અને સરકારી યોજનાઓની માહિતી મેળવવા જાહેર કાર્યક્રમોમાં ધ્યાન આપવા અપીલ કરી હતી. તેમણે જણાવ્યું કે, દેશમાં અઢી લાખ સખી મંડળોની ૩૦ લાખ ગ્રામીણ બહેનો મહેનતથી આવક મેળવી રહી છે. ગત વર્ષથી આવી પ્રવૃત્તિઓ માટે રૂ. ૮૦૦ કરોડની સહાય આપવામાં આવી છે. વર્ષ ૨૦૨૯ સુધીમાં દેશમાં છ કરોડ લખપતિ દીદી બનાવવાનો લક્ષ્યાંક છે, જ્યારે ગુજરાતમાં ૮.૫ લાખથી વધુ બહેનો લખપતિ દીદી બની છે. સખી મંડળોની ચીજવસ્તુઓને નવા બજારો મળે અને મહિલાઓને રોજગારીની તકો વધે તે માટે સરકાર પ્રયત્નશીલ છે. તેમણે વિકસિત ભારત-૨૦૪૭ના સંકલ્પમાં નારીશક્તિની ભાગીદારી વધારવા અનુરોધ કર્યો હતો.

ખાંભાની વાડીમાંથી દીપડાનો મૃતદેહ મળી આવતાં ચકચાર

ધારી,તા.૧૦


તસવીર : સંજય વાળા

ખાંભા શહેરના બી.પી.એલ.ના ઢોરા વિસ્તારમાં ખેડૂત મગનભાઈ નાનજીભાઈ પરમારની વાડીમાંથી દીપડાનો મૃતદેહ મળી આવતાં ચકચાર મચી ગઈ હતી. ઘટનાની જાણ થતાં ખાંભા રેન્જ વનવિભાગનો કાફલો તાત્કાલિક સ્થળ પર દોડી ગયો હતો. વનવિભાગના અધિકારીઓએ સ્થળ તપાસ કરી પંચનામું હાથ ધર્યું હતું. આસપાસના વિસ્તારમાં તપાસ દરમિયાન દીપડાના પગલાંના નિશાન પણ મેળવવામાં આવ્યા હતા. દીપડાના મૃત્યુનું કારણ જાણવા મૃતદેહને ખાંભા રેન્જ કચેરી ખાતે લઈ જવામાં આવ્યો હતો, જ્યાં તબીબો દ્વારા પોસ્ટમોર્ટમ કરવામાં આવ્યું હતું. પોસ્ટમોર્ટમના અહેવાલ મુજબ દીપડાનું મોત શરીરના એકથી વધુ મહત્વના અંગો નિષ્ફળ જવાથી થયું હોવાનું પ્રાથમિક રીતે સામે આવ્યું છે. જોકે, દીપડાના મૃત્યુ પાછળ કોઈ શંકાસ્પદ કારણ કે ઝેરની અસર જવાબદાર છે કે કેમ તે અંગે વનવિભાગ દ્વારા વધુ તપાસ હાથ ધરવામાં આવી છે.

જૂનાગઢના દામોદર કુંડમાં શનિ અમાસે ભાવિકોનું ઘોડાપૂર

જૂનાગઢ,તા.૧૦

જૂનાગઢના પવિત્ર દામોદર કુંડ ખાતે સર્વપિત્રી અમાસ અને શનિવારના વિશેષ સંયોગે શનિ અમાસ નિમિત્તે ભાવિક ભક્તોનું વિશાળ ઘોડાપૂર ઉમટી પડ્યું હતું. પિતૃઓના મોક્ષાર્થે તર્પણવિધિ કરવા તેમજ પવિત્ર સ્નાન માટે વહેલી સવારથી જ દામોદર કુંડ તીર્થક્ષેત્રમાં શ્રધ્ધાળુઓની ભારે ભીડ જોવા મળી હતી. ધાર્મિક માન્યતા અનુસાર, શનિ અમાસના પવિત્ર દિવસે પિતૃઓ માટે તર્પણ અને અન્ય ધાર્મિક વિધિઓ કરવાથી પિતૃઓના આશીર્વાદ સાથે શનિદેવની કૃપા પણ પ્રાપ્ત થાય છે. આ ધાર્મિક માન્યતાને પગલે દામોદર કુંડ ખાતે ભક્તિમય માહોલ જોવા મળ્યો હતો. ભાવિકોએ શ્રધ્ધાપૂર્વક ધાર્મિક વિધિઓ કરી પિતૃઓના કલ્યાણ માટે પ્રાર્થના કરી હતી.

અમદાવાદમાં કોંગ્રેસ કાર્યાલય બહાર ભાજપ મહિલા મોરચાનું વિરોધ પ્રદર્શન

અમદાવાદ,તા.૧૦



અમદાવાદના પાલડી વિસ્તારમાં આવેલા રાજીવ ગાંધી ભવન બહાર આજે ભાજપ મહિલા મોરચા દ્વારા વિરોધ પ્રદર્શન યોજવામાં આવ્યું હતું. JNUના પ્રોફેસર અને કોંગ્રેસના સાંસદ અંગોમચા બિમોલ અકોઈજામ સામે વિદ્યાર્થિનીઓની જાતીય સતામણીના આરોપોને લઈને મહિલા મોરચાએ કોંગ્રેસ સામે વિરોધ નોંધાવ્યો હતો. પ્રદર્શન દરમિયાન ડીજે અને સાઉન્ડ સિસ્ટમ સાથે 'એક કચોરી દો સમોસા, રાહુલ તેરા ક્યા ભરોસા' તથા 'કોંગ્રેસ હાય હાય, રાહુલ ગાંધી હાય હાય'ના નારા લગાવવામાં આવ્યા હતા. વિરોધને ધ્યાનમાં રાખીને એક DCP, બે ACP, A PI સહિત ૬૦૦થી વધુ પોલીસકર્મીઓ તહેનાત કરાયા હતા. મોટી સંખ્યામાં કાર્યકર્તાઓ રાજીવ ગાંધી ભવન તરફ આગળ વધતાં પોલીસે તેમને રોક્યા હતા, જેને પગલે ઘર્ષણ થયું હતું. બાદમાં કાર્યકર્તાઓએ રસ્તા પર ધરણાં કરી વિરોધ પૂર્ણ કર્યો હતો.

અમદાવાદમાં ડ્રગ્સ સાથે મુંબઈના વૃધ્ધા ઝડપાયા

અમદાવાદ,તા.૧૦



અમદાવાદમાં કમિશન માટે વૃદ્ધોનો કેરિયર તરીકે ઉપયોગ કરતી ડ્રગ્સ સિન્ડિકેટનો બનાવ સામે આવ્યો છે. નરોડા અને નાના ચિલોડાથી ગેલેક્ષી તરફ જતા જાહેર હાઈવે પર શીતળાનગરના નાકા પાસેથી મુંબઈના ૬૦ વર્ષીય વૃદ્ધને ૧.૯૧૫ કિલોગ્રામ ચરસ સાથે ઝડપી પાડવામાં આવ્યો હતો. જપ્ત કરાયેલા ચરસની કિંમત રૂ. ૪.૭૮ લાખ હોવાનું જાણવા મળ્યું છે. આરોપી જમ્મુથી ચરસ લાવી મુંબઈ ડિલિવરી આપવા જતો હતો. ક્રાઇમ બ્રાન્ચે ચરસ, મોબાઈલ અને રોકડ સહિત કુલ રૂ. ૪.૮૦ લાખનો મુદ્દામાલ જપ્ત કર્યો છે. આ મામલે મુંબઈ અને જમ્મુના બે શખસો સહિત ત્રણ સામે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરવામાં આવી છે.

ગાંધીનગર મનપાની ૪૪ બેઠકો સહિત વિવિધ સ્થાનિક સંસ્થાઓમાં આજે મતદાન

ગાંધીનગર,તા.૧૦

રાજ્ય ચૂંટણી આયોગ, ગુજરાત દ્વારા રાજ્યની વિવિધ સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓની સામાન્ય અને પેટાચૂંટણીઓ માટે ૧૧ ઓક્ટોબરે યોજાનારા મતદાનની તમામ તૈયારીઓ પૂર્ણ કરી લેવામાં આવી છે. ગાંધીનગર મહાનગરપાલિકાના ૧૧ વોર્ડની ૪૪ બેઠકો સહિત ઓખા, ધરમપુર, મહેસાણા, છોટા ઉદેપુર અને બાયડ નગરપાલિકાઓની વિવિધ બેઠકો પર મતદાન થશે. આ ઉપરાંત દેવભૂમિ દ્વારકા જિલ્લા પંચાયતની ભાણવડ બેઠક અને રાજકોટ જિલ્લાના પડધરી તાલુકા પંચાયતની પેટાચૂંટણી માટે પણ મતદાન યોજાશે. મતદાન સવારે ૭થી સાંજે ૬ વાગ્યા સુધી થશે. મતદારોએ ઓળખપત્ર સાથે રાખી મતદાન મથકે પહોંચવા આયોગે અનુરોધ કર્યો છે.

ગાંધીનગરમાં દવાઓની આડમાં રૂ.૩૩ લાખના વિદેશી દારૂનીહેરાફેરીનોપર્દાફાશ

ગાંધીનગર,તા.૧૦



ગાંધીનગર મહાનગરપાલિકાની ચૂંટણીને ધ્યાનમાં રાખીને જિલ્લા પોલીસ દ્વારા પેટ્રોલિંગ અને વાહન ચેકિંગ સઘન બનાવવામાં આવ્યું છે. દરમિયાન લોકલ ક્રાઇમ બ્રાન્ચની ટીમે ગિફ્ટસિટી સામે હિંમતનગર–અમદાવાદ હાઈવે પર ચોક્કસ બાતમીના આધારે કન્ટેનર ટ્રકમાંથી વિદેશી દારૂની હેરાફેરી ઝડપી પાડી હતી. પોલીસના જણાવ્યા મુજબ, દવાઓની આડમાં રૂ.૩૩ લાખથી વધુની કિંમતનો વિદેશી દારૂ લઈ જવામાં આવતો હતો. આ કાર્યવાહી દરમિયાન રૂ.૯૨.૭૭ લાખનો મુદ્દામાલ કબજે કરી એક વ્યક્તિને ઝડપી લેવામાં આવ્યો હતો. પીઆઈ કે.જે. રાઠોડને મળેલી બાતમીના આધારે પોલીસે ગિફ્ટસિટી બ્રિજ પાસે વોચ ગોઠવી હતી. હરિયાણા પાસિંગના કન્ટેનરને રોકીને તપાસ કરતાં પાછળના ભાગમાં કાગળનાં બોક્સમાં દવાઓ ભરેલી જોવા મળી હતી. પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

ગુજરાત પોલીસમાં પૂર્વ અગ્નિવીરોને લેખિત અને શારીરિક પરીક્ષામાંથી મુક્તિ

ગાંધીનગર,તા.૧૦

ગુજરાતમાં પૂર્વ અગ્નિવીરો માટે પોલીસ વિભાગમાં ભરતી મેળવવાનો માર્ગ વધુ સરળ બન્યો છે. ગૃહ વિભાગે ૯ ઓક્ટોબર, ૨૦૨૬ના રોજ જાહેર કરેલા સુધારા નિયમો મુજબ પૂર્વ અગ્નિવીરોને પોલીસ વિભાગની નિર્ધારિત ગણવેશધારી જગ્યાઓની સીધી ભરતીમાં લેખિત પરીક્ષામાંથી પણ મુક્તિ આપવામાં આવી છે.અગાઉ રાજ્ય સરકારે પૂર્વ અગ્નિવીરોને શારીરિક કાર્યક્ષમતા કસોટીમાંથી મુક્તિ આપી હતી. હવે લેખિત અને શારીરિક બંને પરીક્ષામાંથી મુક્તિ મળતાં ભરતી પ્રક્રિયામાં તેમને રાહત મળશે. નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીએ સુરતમાં પણ આ અંગે જાહેરાત કરી હતી.

ભાવનગર કોર્ટનો ચુકાદો : સગીરા પર દુષ્કર્મ કરનારને ૨૦ વર્ષની કેદ

ભાવનગર,તા.૧૦

ભાવનગરના ઈન્દિરાનગર વિસ્તારમાં રહેતા જીતુ ભુપતભાઈ સોલંકીને સગીરા પર દુષ્કર્મના કેસમાં ભાવનગર કોર્ટે ૨૦ વર્ષની સખત કેદની સજા ફટકારી છે. સાથે જ પીડિતાને રૂ. ૪ લાખનું વળતર ચૂકવવાનો હુકમ કર્યો છે. આરોપીએ ૧૭ ફેબ્રુઆરી, ૨૦૨૦ના રોજ ૧૪ વર્ષીય સગીરાને લગ્નની લાલચ આપી ભગાડી જઈ દુષ્કર્મ આચર્યું હતું. આ મામલે વરતેજ પોલીસ મથકમાં ફરિયાદ નોંધાઈ હતી.



